Monday, 23 February 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૬૧ ● સંવત-૨૦૮૨ ફાગણ સુદ છઠ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD




## મસાટની ટુફરોપેસ કંપનીના કામદારોને મળી હપ્તાવસૂલીની ધમકીઃ ૧૦ જેટલા અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ કંપની મેનેજમેન્ટે નોંધાવી પોલીસ ફરિયાદ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૨૨**

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં પ્રશાસકશ્રી પ્રફુલભાઈ પટેલના નેતૃત્વમાં કાયદો અને વ્યવસ્થા કડક અને સઘન હોવા છતાં પણ ક્યારેક ક્યારેક ગુનેગારો અને અસામાજિક તત્ત્વો દ્વારા ગંભીર ગુનાઓને અંજામ આપવાની ઘટનાઓ બની રહી છે. તેવી જ કંઈક ઘટના દાદરા નગર હવેલીના મસાટની **ટુફરોપેસ** કંપનીના કામદારને કોઈક અજાણ્યા ૮થી ૧૦ જેટલા અસામાજિક તત્ત્વો દ્વારા હપ્તા વસૂલી અંગે ધમકી આપવાનો મામલો સામે આવ્યો છે. આ ઘટના બાદ કંપની મેનેજમેન્ટે તેઓ વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

અનિલ બાબુરામ દીક્ષિતે સેલવાસ પોલીસ મથકમાં નોંધાવેલ પોલીસ ફરિયાદ મુજબ ''હું ડોકમરડી ધ કોર્ટ યાર્ડ, બંગલો નંબર ૩૮માં રહું છું અને હું મૂળ ઔરિયા, ઉત્તરપ્રદેશનો રહેવાસી છું. છેલ્લા ત્રણ વર્ષથી દાનહના સેલવાસ નજીક મસાટ ગામ ખાતે આવેલ ટુફરોપેસ પ્રા.લિ.કંપનીમાં રેસોસેર્સ પ્રા.લિ.ના નામે લેબર કોન્ટ્રાક્ટ તરીકે છેલ્લા ત્રણ વર્ષથી કામ કરી મારા પરિવારનું ગુજરાન ચલાવું છું.'' આ ટુફરોપેસ પ્રા.લિ.કંપનીમાં મેનેજર તરીકે મુનેશ્વરનાથ મોદી છે. જેઓ કંપનીમાં કામદારોની દેખરેખ રાખે છે, તથા તેઓને શિફટ પ્રમાણે કામની વહેંચણીનું કામ સુપરવાઝઈર તરીકે રોહિત શર્મા કરે છે.

**કંપનીમાં કામ કરીને રાત્રિના ૧૧:૦૦ વાગ્યે તેઓના રૂમ ઉપર જઈ રહેલા કામદારોને ૮ થી ૧૦ જેટલા ઈસમોએ રસ્તામાં રોકીને જણાવ્યું હતું કે, ''કલ સે કંપની વર્કર ઔર કોન્ટ્રાક્ટ વર્કર કંપની ડ્યુટી પર નહિ જાયેંગે જબ તક આપકે કંપનીવાલો સે યા કોન્ટ્રાક્ટ વાલો સે હપ્તે કા સેટિંગ નહિ હોતા., નહિ તો મારેંગે''**

તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યા સુમારે સુપરવાઈઝર રોહિત શર્માનો ફરિયાદી ઉપર ફોન આવ્યો અને જણાવ્યું કે, તા.૧૮.૦૨.૨૦૨૬ના રાત્રિના ૧૧:૦૦ વાગ્યે કંપનીમાંથી સેકન્ડ શિફટના કામદારોની છૂટી થઈ તેઓ પોતપોતાના રૂમ ઉપર જતા હતા, તે વખતે અંદાજે ૧૫ થી ૨૦ કામદારોને મસાટ કેનબરા કંપનીની સામે ગોપલાની કરીયાણાની દુકાન પાસે અંદાજે ૮ થી ૧૦ જેટલા અજાણ્યા ઈસમોએ તેમને રોકીને ધમકાવી રહ્યા હતા અને જણાવી રહ્યા હતા કે, ''કલ સે કંપની વર્કર ઔર કોન્ટ્રાક્ટ વર્કર કંપની ડ્યુટી પર નહિ જાયેંગે જબ તક આપકે કંપનીવાલો સે યા કોન્ટ્રાક્ટ વાલો સે હપ્તે કામ સેટિંગ નહિ હોતા, નહિ તો મારેંગે.'' જેથી મેં (કોન્ટ્રાક્ટર) કંપની મેનેજર મુનેશ્વરનાથ મોદીને આ બાબતની જાણ કરતા તેઓએ પણ મને જણાવેલ કે મને કંપની મેનેજમેન્ટ તરફથી જાણવા મળેલ છે. જેથી તા.૧૮.૦૨.૨૦૨૬ના રોજ ટુફરોપેસ પ્રા.લિ.કંપનીમાં સેન્ડ શિફટવાળા કોન્ટ્રાક્ટરવાળા તથા કંપનીના કામદારો ડરી ગયા હોવાથી જેઓએ ફરજ ઉપર આવવાની ના પાડી હતી. તેથી કંપની મેનેજમેન્ટ દ્વારા કામદારોને સમજાવીને કંપનીમાં કામ કરવા આવ્યા હતા.

કંપની મેનેજર મુનેશ્વરનાથ મોદીના જણાવ્યા પ્રમાણે ગત તા.૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારા મોબાઈલ પર મિસકોલ આવતા તેને ફરી ફોન કરતા તેનું નામ પૂછતા નિલેશ પટેલ બોલું છું અને મસાટના સરપંચ શૈલેષ પટેલ સાથે વાત કરો એમ જણાવતા તેમની સાથે વાત કરતા શૈલેષ પટેલે જણાવ્યું હતું કે, તમે મને મસાટ પંચાયત પર મળવા આવો જેથી મેં મળવાની ના પાડી હતી. જેથી શૈલેષ પટેલે જણાવેલ કે મારી સાથે મળીને હપ્તો નહિ આપશો તો તમારો કોન્ટ્રાક્ટ કંપનીમાંથી બંધ કરાવી દઈશ અને તમારા માણસોને પણ કંપનીમાં કામ ઉપર નહિ લાગવા દઈશું, એમ જણાવી ફોન કટ કર્યો હતો. ત્યારબાદ શૈલેષ પટેલ સાથે કોઈ વાત નહિ થયેલ નહીં. ત્યારબાદ નિલેશ પટેલ અને શૈલેષ પટેલ મળી એમના ૧૦ થી ૧૦ અજાણ્યા ઈસમો કંપની પાસે મોકલાવી હપ્તા વસૂલી માટે કોન્ટ્રાક્ટવાળા અને કંપનીના કામદારોને કંપનીમાં કામ કરવા જતા અટકાવીને કામ નહીં કરવા જવા માટે ધમકાવતા જેઓ વિરુદ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ મસાટની ટુફરોપેસ કંપનીના મેનેજર મુનેશ્વરનાથ મોદીએ સેલવાસ પોલીસ મથકમાં નોંધાવી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

## બિહારના નક્સલી મનોજ હાંસદાની દમણ પોલીસે દાભેલથી કરી ધરપકડ

**મનોજ હાંસદા ઉપર બિહારમાં હત્યા સહિતના નોંધાયેલા છે અનેક ગુનાહિત કેસો**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૨૨**

દમણ પોલીસે જિલ્લાના દાભેલ વિસ્તારમાંથી બિહારના મોસ્ટ વોન્ટેડ નક્સલી મનોજ હાંસદાની ધરપકડ કરી છે. મનોજ પર બિહારમાં હત્યા સહિત અનેક ગુનાહિત કેસ નોંધાયેલા છે અને તે એક સક્રિય નક્સલી જૂથ સાથે પણ સંકળાયેલો હોવાનું પણ જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે, બિહાર સશસ્ત્ર સીમા દળ (SSB)એ દમણના વરિષ્ઠ અધિકારીઓને જાણ કરી હતી કે બિહારના કથિત નક્સલી માંગરુ હાંસદાનો પુત્ર મનોજ હાંસદા દમણના દાભેલ વિસ્તારમાં રહે છે. ૨૦ ફેબ્રુઆરીના રોજ રાત્રે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ, દમણ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર સેલે ૨૫ કર્મચારીઓની એક ટીમ બનાવી અને દાભેલના વિવિધ ચાલીઓમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઓપરેશન આખી રાત ચાલ્યું, જે દરમિયાન આશરે ૧૦૦ રૂમની તપાસ અને ચકાસણી કરવામાં આવી હતી. અંતે ઓપરેશન દરમિયાન, ભારે શોધખોળ અને તપાસ બાદ મનોજ હાંસદાને શોધી કાઢવામાં દમણ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર સેલને સફળતા મળી હતી. ત્યારબાદ તેની પૂછપરછ કરવામાં આવી હતી અને ચકાસણી માટે દાભેલ પોલીસ સ્ટેશનમાં સુરક્ષિત રીતે લાવવામાં આવ્યો હતો.

પૂછપરછ દરમિયાન, મનોજ હાંસદાએ બિહાર રાજ્યમાં નોંધાયેલા ગુનાઓમાં તેની સંડોવણી હોવાનું કબુલ્યું હતું. તેની ઓળખ અને ગુનાહિત રેકોર્ડ ચકાસવા માટે તેના ફોટોગ્રાફસ અને પ્રાથમિક માહિતી બિહારના જમુઈ જિલ્લાના ચરકાપથર પોલીસ સ્ટેશન તેમજ બિહારના સીમા સુરક્ષા દળ સાથે શેર કરવામાં આવી હતી. બંને એજન્સીઓએ તેની ઓળખની પુષ્ટિ કરી હતી અને ખાતરી કરી હતી કે, તે ૨૦૨૫માં નોંધાયેલા હત્યાના કેસમાં તેમજ અન્ય ગુનાહિત કેસોમાં સંડોવાયેલો હતો, અને તે બિહાર રાજ્યમાં સક્રિય નક્સલવાદી જૂથ સાથે સંકળાયેલો હતો. ત્યારબાદ, બિહારના ચરકાપથર પોલીસ સ્ટેશનથી પોલીસ ટીમના આગમન પર, મનોજ હાંસદાને તમામ જરૂરી કાનૂની ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા પછી સત્તાવાર કસ્ટડીમાં સોંપવામાં આવ્યો હતો. દમણ કોર્ટમાંથી ટ્રાન્સફર રિમાન્ડ પર બિહાર પોલીસ મનોજને આગળની કાનૂની કાર્યવાહી માટે બિહાર રાજ્ય લઈ ગઈ છે.

### સમાજની એકતા, સંગઠન શક્તિ અને પરસ્પર સહકારની ભાવનાને જીવંત રાખવાના હેતુથી

## દાનહના દૂધનીમાં યોજાયું વારલી સમાજનું ચોથું એકતા સંમેલન

**આધુનિકતાની સાથે આગળ વધતા પોતાની મૂળ સંસ્કૃતિ અને ઓળખ સહિત સમાજની પ્રાચીન પરંપરાઓ, રીત-રિવાજોને સાચવવા સાથે વધુ ને વધુ ઉચ્ચ શિક્ષણને પ્રાપ્ત કરી સમાજ અને દેશનું નામ રોશન કરવા આગેવાનોએ આપેલી સલાહ**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૨૨**

દાદરા નગર હવેલીના દૂધની ગામ ખાતે આદિવાસી વારલી સમાજનું ચોથું એકતા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં દાનહ સહિત પડોશના ગુજરાત અને મહારાષ્ટ્રના વિવિધ ગામોમાંથી વારલી સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ આ સંમેલન થકી સમાજની એકતા, સંગઠન શક્તિ અને પરસ્પર સહકારની ભાવનાને જીવંત કરી હતી.



કાર્યક્રમ સ્થળે પરંપરાગત વેશભૂષામા સજ્જ સ્ત્રી- પુરુષો અને યુવાનોએ વારલી સંસ્કૃતિની ઝલક પ્રસ્તુત કરી હતી. જેમાં સમાજની પ્રાચીન પરંપરાઓ, રીત- રિવાજો અને સંસ્કૃતિક વારસાને જાળવી રાખવાની જરૂરિયાત પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમાજના આગેવાનોએ આધુનિકતાની સાથે આગળ વધતા પોતાની મૂળ સંસ્કૃતિ અને ઓળખ જાળવવી અત્યંત આવશ્યક હોવાનું દરેકને જણાવ્યું હતું. સાથે યુવા પેઢી શિક્ષણ ક્ષેત્રે આગળ વધે, ઉચ્ચ અભ્યાસ કરે અને રાજકીય સહિત વિવિધ અગ્રણી ક્ષેત્રોમાં પ્રગતિ હાંસલ કરીને સમાજ-ગામ-પ્રદેશ અને દેશનું નામ રોશન કરે તેવો પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનો દ્વારા સમાજની એકતા મજબૂત બનાવવાની અને પરસ્પર સહકારથી વિકાસના માર્ગે આગળ વધવાની અપીલ કરી હતી. આ અવસરે ગત વર્ષે ધોરણ ૧૦ અને ૧૨મા ઉત્તમ ગુણ સાથે પાસ થયેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને સ્તૃતિચિન્હ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ અવસરે દાનહ વારલી સમાજના પ્રમુખ શ્રી શંકરભાઈ ગોરાત, ઉપ પ્રમુખ શ્રી ગુલાબભાઈ વાઘાત, દાનહ જિલ્લા પંચાયત સભ્યો, સરપંચો સહીત સમાજના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ભાઈ-બહેનો અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

## શનિવારે દાનહના સામરવરણી ગાર્ડનસીટી સોસાયટીના ફલેટમાં આગ લાગતા મચેલી દોડધામ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૨૨**

દાદરા નગર હવેલીના સામરવરણી ગામમાં ગાર્ડન સીટી સોસાયટીમાં પાંચમા માળે એસીના આઉટલેટમાં પહેલા ધુમાડો નીકળ્યા બાદ આગ લાગતા દોડધામ મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગત અનુસાર સામરવરણીમાં ગાર્ડન સીટીના ફિક્સ બીલ્ડીંગમા છઠ્ઠા માળે બેડરૂમના એસીમાં અચાનક ધુમાડો નીકળતા જોવા મળતા ઘરમાં બેસેલા બે છોકરાઓ તાત્કાલિક ઘરની બહાર નીકળી ગયા હતા અને આજુબાજુવાળાઓને જાણ કરતા તેઓએ સેલવાસ ફાયર વિભાગને ફોન કર્યો હતો.

ફાયર વિભાગની ગાડી પહોંચે એટલા સમયમા એસીના કોમ્પ્રેસરમાં જોરદાર બ્લાસ્ટ થયો હતો. જેના કારણે આગ ઘરની અંદર પ્રસરી ગઈ હતી.આ આગને કારણે બેડરૂમમા અને કીચનમાં આખુ ફર્નિચર બળીને ખાખ થઇ ગયું હતું. સેલવાસ ફાયર વિભાગની બે ગાડીઓ દ્વારા બે કલાકની જેહમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં ઈજા કે જાનહાનીની કોઈ જ ઘટના બનવા પામેલ નથી.



### દાનહ સ્થાનિય સમાજ એકતા મંચના આહ્‌વાન પર

## શનિવારે વેપારીઓએ સ્વૈચ્છિક દુકાનો-ધંધા-રોજગાર બંધ રાખી 'સેલવાસ બંધ'ને આપેલું સજ્જડ સમર્થન



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૨૨**

શનિવારે 'દાનહ સ્થાનિય સમાજ એક્તા મંચ' દ્વારા પ્રદેશના લોકોને માતાઓ અને બહેનોના રક્ષણ હેતુ સેલવાસ બંધનું એલાન કર્યું હતું. જેના સમર્થન માટે વેપારીઓને પોતાના ધંધા-રોજગાર, દુકાનો એક દિવસ બંધ રાખવાનું જણાવ્યું હતું. જેને માન આપીને વેપારીઓએ સ્વૈચ્છિક દુકાનો બંધ રાખી ભારે સમર્થન આપ્યું હતું. જ્યારે દાનહની બહેનો અને માતાઓના સમર્થનમાં ઘોષિત બંધના સંદર્ભમાં સેલવાસ પોલીસે કોંગ્રેસ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ શ્રી પ્રભુ ટોકીયાની એમના નિવાસસ્થાનેથી ધરપકડ કરી હતી અને એફ.આઈ.આર. પણ દાખલ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. સાથે કોંગ્રેસ પાર્ટીના મહાસચિવ શ્રી દિગેશ જોશી, સચિવ શ્રી જયપાલસિંહ રાઠોડ, કોષાધ્યક્ષ શ્રી હારૂન સુમરાને પણ પોલીસે કેદ કર્યા હતા.

અત્રે યાદ રહે કે, આ આંદોલન કોઈ સમાજ કે વ્યક્તિ વિશેષના વિરુદ્ધમાં ન હતું, પરંતુ પ્રદેશની દીકરી, બહેનો અને માતાઓના સન્માન, રક્ષણ અને ન્યાયની માંગને લઈ હતું. જેનું દાનહના નાગરિકોએ અને વેપારીઓએ પણ સંપૂર્ણ સમર્થન આપીને બંધ માટે સહમતી દર્શાવી હતી.




## સુવિચાર - સદ્‌વિચાર

સપનાને હકીકતમાં બદલવા માટે મહેનત જરૂરી છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### મિલન

‘પ્રિયે ચહું તને’ કહી નવ શક્યું અરે આટલું
પરસ્પર પ્રીતિ છતાં હૃદય આપણું બાપડું!
અને પ્રણયઘેનમાં વિરહથી સદા ઝૂરતું
પળેપળ પડી રહ્યું શરમથી સ્મરી કાંપતું.

છતાંય ક-મને ધરી પ્રણયનીર રોમાંચનું
પ્રતીપ વહને જતું હૃદય બેની મધ્યે વહી,
થતાં જ પટ સાંકડો ન અવરોધ નીરે રહ્યો!
થયું વહન સીધું ત્યાં ઉર સમીપ આવી ઊભાં!

તહીં મિલન આપણું થયું પડેલ આ બાંકડે
સૂકાભઠ તરુ તણી કરુણ છાંયના પાંજરે.
વસંત મહીં ઝાડ એ કૂંપળથી છવાઈ ગયું.
નવીન વધુ પાંદડાં ફૂટત ડાળડાળે પછી

તળે તિમિર-પાંજરું થયું, ઊભાં ઉરો એ મહીં,
હવે થઈ છૂટાં સૂકા તરુ થકી ન ભાગી જજો!

- ઈન્દુકુમાર જોષી

## આજની જોક

### આનું નામ સંસાર

માણસ ભજીયા ખાય અને પછી બિમાર પડી, હોસ્પિટલની અંદર બેઠો બેઠો, સંતરા, મોસંબી અને સફરજન ખાય અને પછી એના સગા વ્હાલા હોસ્પિટલની બહાર ઉભા ઉભા ભજીયા ખાય.

## કબીર વાણી

**કહત સુનત જુગ જાત હય, બિષે ન સુઝે કાળ,**
**કબીર કહે રે પ્રાંનિયા, સાહેબ નામ સંભાળ.**

**- અર્થાત-**

કહેતાં ને સાંભળતાં કંઈ જુગો ચાલી ગયા પણ માણસ ઈંદ્રિઓનાં વિષયોમાં યાને માયાની કેફમાં પડ્યો રેહવાથી, તેને સુઝતું નથી કે માથાં ઉપર કાળ (મોત) ઉભેલો છે, માટે ઓ જીવ! હું કબીર, તને કાળ વિષે કહું છું તો સમજીને હવે ઈશ્વરનું નામજ સાચવી રાખવાની કોશેશ કર.

## આજનો દિન વિશેષ

### ગાડગે મહારાજ

સંત ગાડગે બાબા (જન્મ: શેંડગાંવ તા-દરિયાપુર જિલ્લો-અમરાવતી, ૨૩ ફેબ્રુઆરી ૧૮૭૬; અવસાન - ૨૦ ડિસેમ્બર ૧૯૫૬, અમરાવતી નજીક વાલગાંવ), ગાડગે બાબા તરીકે જાણીતા, મહારાષ્ટ્ર રાજ્યના કીર્તનવાદક, સંત અને સમાજ સુધારક હતા. તેણીએ સ્વેચ્છાએ ગરીબ જીવન સ્વીકાર્યું હશે. સામાજિક ન્યાય આપવા માટે વિવિધ ગામો માટે તે સાચું નથી. ગાડગે મહારાજને સામાજિક ન્યાય, સુધારણા અને સ્વચ્છતા કે અન્ય કોઈ વિષયમાં વધુ રસ હતો. વિષાય સદીની સામાજિક સુધારણાની ચળવળોમાં ભાગ લેનાર મહાપુરુષોમાંના એક મહત્વના છે નવ ગાડગે બાબા.

સંત ગાડગે મહારાજનું પૂરું નામ દેબુજી ઝીંગરાજી જાનોરકર હશે. તેમના પિતાની હોડી - ઝીંગરાજી રાણોજી જાનોરકર અને બીજી હોડી - સખુબાઈ ઝીંગરાજી જનોરકર હતી. ગાડગે મહારાજ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ધરાવતા સમાજ સુધારક હતા. તે પોતાનું આખું જીવન દલિત અને પીડિત લોકોની સેવામાં વિતાવશે. ત્યાંચ કીર્તન એટલે લોક જ્ઞાન નૃત્યનો એક ભાગ. તેમના કીર્તન દ્વારા તેઓ સમાજની લુચ્ચાઈ અને પરંપરાની ટીકા કરે છે. ગાડગે બાબા સામાજિક શિક્ષણ અને સ્વચ્છતા અને ચારિત્ર્યનું મહત્વ શીખવે છે.

ગાડગે મહારાજ એક સમાજ સુધારક હતા જેમણે ગરીબો અને દલિત લોકોમાં અજ્ઞાનતા, અંધશ્રદ્ધા અને અસ્વચ્છતાને દૂર કરવાનું કામ કર્યું હતું. તીર્થિ ધોંડાપાણી દેવ રોકડા સજની “નિરાધાર, નિર્બળ, અનાથ અને અપંગોની સેવા કરનાર એકમાત્ર સંત છે ગાડગે બાબા.” મંદિરમાં ન જાવ, મૂર્તિની પૂજા ન કરો, સાવકારા પાસેથી ઉધાર ન લો, જૂના પુસ્તકો, મંત્ર-તંત્ર, દેવદેવસ્કી વાંચશો નહીં. ચમત્કારો અને એવી વસ્તુઓમાં વિશ્વાસ કરશો નહીં. તેમના બાળકો, ધર્મશાળાઓ, અનાથાલયો, આશ્રમો અને શાળાઓ આખા મહારાષ્ટ્રમાં અનાથ માટે શરૂ કરવામાં આવી હતી. રાંજલે-ગાંજલે, દીન- નબળા, અપંગ અને અનાથ તેમના દેવ છે. યા દેવંતચ ગાડગેબાબા વધુ સુંદર અને અસત છે. તેમનો વેશ જાણે છે. તેણે ચિંજ્યા પહેર્યા છે, તેના પર ટોપીનો નાનો ટુકડો છે, એક કાનમાં કાવડી છે, અને બીજા કાનમાં બંગડીચી કાચ છે, એક હાથમાં સાવરણી છે, બીજા હાથમાં વાસણ છે.

## આધ્યાત્મ :સંઘર્ષ ટાળવો




દરેક જીવ સતત સુખની શોધમાં રહે છે; કોઈને દુઃખ ગમતું નથી. પરંતુ આ શોધનો અંત ત્યારે આવે છે જ્યારે શાશ્વત સુખનો સ્ત્રોત મળે છે. શાશ્વત સુખ ફક્ત પોતાના સાચા સ્વભાવ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. એ.એમ. પટેલ, જેમને દાદા ભગવાન તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમણે શાશ્વત સુખનો માર્ગ શોધ્યો. તેમણે આ વિશ્વને અક્રમ વિજ્ઞાન તરીકે ઓળખાતું એક અનોખું આધ્યાત્મિક વિજ્ઞાન આપ્યું છે.

અક્રમ વિજ્ઞાન આત્મ-સાક્ષાત્કાર પર આધારિત છે. આ અનોખું વિજ્ઞાન જીવનની વ્યવહારિક સમસ્યાઓનું નિરાકરણ પૂરું પાડે છે, જીવનને આનંદમય બનાવે છે.જ્ઞાની પુરુષની કૃપાથી, ફક્ત બે કલાકની વિધિ (જ્ઞાનવિધિ) દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. ઘણા લોકોએ આ શાશ્વત આનંદનો અનુભવ કર્યો છે! તમે પણ તે પ્રાપ્ત કરી શકો છો!‘સંઘર્ષ ટાળવો’ એ સંઘર્ષ ઉકેલવાની સૌથી સરળ તકનીક છે. આ ચાવી તમારા રોજિંદા જીવનને અપાર શાંતિ અને સુમેળથી ભરી દેશે. ચાલો નીચે બે અલગ અલગ પરિસ્થિતિઓમાં સંઘર્ષને કેવી રીતે હેન્ડલ કરવો અને બંને પરિસ્થિતિઓમાં આ સંઘર્ષ ટાળવાની તકનીકનો ઉપયોગ કેવી રીતે કરવો તે સમજીએ. પરિસ્થિતિ ૧ - જ્યારે તમારો કોઈ સાથે સંઘર્ષ થાય છે કલ્પના કરો કે તમારું માથું દિવાલ સાથે અથડાતું હોય. તમને દુઃખ થશે, પણ દિવાલ...ને કઈજ જ નથશે.

# દીવ પોલીસ વિભાગ દ્વારા હેરિટેજ વોકવે અને કિલ્લા પર ‘હેરિટેજ સાઈટ ક્લીન-અપ ડ્રાઈવ’નું આયોજન કરાયું








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૨**

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ભારતભરમાં વર્ષભર ચાલતી રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે, દીવ પોલીસ વિભાગ દ્વારા આજે ભારતના લોખંડી પુરુષ અને રાષ્ટ્રીય એકતામાં તેમના ઐતિહાસિક યોગદાનને માન આપવા માટે દીવના હેરિટેજ વોકવે અને દીવ કિલ્લા પર ‘હેરિટેજ સાઈટ ક્લીન-અપ ડ્રાઈવ’નું આયોજન કરવામાં આવ્યું હતું.

પોલીસ વિભાગ, ઈન્ડિયા રિઝર્વ બટાલિયન, ફાયર વિભાગ અને હોમગાર્ડ્સ સહિત એનસીસી અને એનએસએસ કેડેટ્સે સ્વચ્છતા અભિયાનમાં સક્રિયપણે ભાગ લીધો હતો, જે દીવમાં વારસાના સંરક્ષણ અને નાગરિક જવાબદારીને પ્રોત્સાહન આપવા પ્રત્યેની તેમની સામૂહિક પ્રતિબદ્ધતા દર્શાવે છે.

સફાઈ અભિયાન તમામ સહભાગી કર્મચારીઓ દ્વારા ખૂબ જ ઉત્સાહ અને સમર્પણ સાથે સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું હતું. આ પહેલથી સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ જ નહીં, પણ સ્વચ્છતા, એકતા અને આપણા રાષ્ટ્રીય વારસા પ્રત્યે આદરના સંદેશને પણ મજબૂત બનાવવામાં આવ્યો હતો.

દીવ પોલીસ વિભાગ આવા સમુદાયલક્ષી પહેલ માટે પ્રતિબદ્ધ છે અને વારસાગત સ્થળોના સંરક્ષણ અને નાગરિકોમાં નાગરિક જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે કાર્ય કરવાનું ચાલુ રહેશેનું જણાવવામાં આવ્યું હતું.

# દીવના શ્રી જનરલ ખારવા જ્ઞાતિ ઘોઘલા દ્વારા તેજસ્વી તારલા સન્માનિત સમારોહ યોજાયો









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૨**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના ઘોઘલા પંચાયત ચોક ખાતે આજે શ્રી જનરલ ખારવા જ્ઞાતિ ઘોઘલા દ્વારા સમાજના વિદ્યાર્થીઓને તથા રાષ્ટ્રીય સ્તર પર સારૂ પ્રદર્શન કરનાર તથા ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરનાર સમાજના દીકરા દીકરીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

દીવ નગરપાલિકા પ્રમખુ શ્રી હરેશ પાચા કાપડિયાની અધ્યક્ષતામાં તેજસ્વી તારલા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અતિથિ વિશેષ તરીકે નગરપાલિકા ઉપપ્રમુખ શ્રી કરુણાબેન રવિન્દ્ર સોલંકી, એજ્યુકેશન ઓફિસર અરવિંદ સોલંકી, શ્રી જનરલ ખારવા જ્ઞાતિ ઘોઘલાના પટેલ, શ્રી જીતેન્દ્રભાઈ દિવેચા, પૂર્વ પટેલ શ્રી ભરતભાઈ લખમણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રગટાવીને કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્તિથ મહેમાનોના હસ્તે સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તેજસ્વી તારલા એવા સમાજના દીકરા દીકરી જેઓએ તેમના માતાપિતા તથા સમાજને ગૌરવ આપવનાર તથા ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરનાર, રાષ્ટ્રીય સ્તર પર નામ રોશન અને ખાસ રમત-ગમત ક્ષેત્ર સારૂ પ્રદર્શન કરનાર અને ક્રિકેટમાં ખારવા સમાજની ટૂર્નામેન્ટમાં વિજેતા બનનાર ટીમને, યોગા કરાટે વગેરેમાં પર ભાગ લઈ ચૂકેલ, વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા હતા તથા ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરનારને સાલ ઓઢાડી નારિયળ તથા સમૃતિ ચિન્હ આપી પ્રોત્સાહિત કર્યા હતા,

અધ્યક્ષ સ્થાને બિરાજમાન શ્રી હરેશભાઈ પાંચા કાપડિયા, સમાજના પટેલ શ્રી જીતેન્દ્રભાઈ દિવેચા, એજ્યુકેશન ઓફિસર શ્રી અરવિંદ સોલંકીએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું અને સન્માનિત વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ પ્રાર્થનાના તથા લોકનૃત્ય રજુ કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું મંચ સંચાલન શ્રી જમનાદાસ ઘેડીયા દ્વારા થયું હતું અને કાર્યક્રમને સફળ બનાવવા સમાજના હોદેદારો, સદસ્યોં, આગેવાનો વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# ઓમ્નીટેક એન્જિનિયરિંગ લિમિટેડનો આઈપીઓ બુધવાર, ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ખુલશે




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**અમદાવાદ, તા.૨૨**

ઓમ્નીટેક એન્જિનિયરિંગ લિમિટેડ બુધવાર, ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ પ્રત્યેક રૂા. ૫ની ફેસ વેલ્યુના તેના ઈક્વિટી શેરનો આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરે છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે મંગળવાર,૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર,૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ છે.

ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂા.૫ની ફેસ વેલ્યુવાળા ઈક્વિટી શેર દીઠ રૂા.૨૧૬થી રૂા.૨૨૭ સુધી નક્કી કરવામાં આવ્યો છે. રૂા.૫ની ફેસ વેલ્યુવાળા ઓછામાં ઓછા ૬૬ ઈક્વિટી શેર અને ત્યારબાદ રૂા.૫ની ફેસ વેલ્યુવાળા ૬૬ ઈક્વિટી શેરના ગુણાંક માટે બિડ કરી શકાય છે.

ઓફરમાં રૂા. ૪,૧૮૦.૦૦ મિલિયન (રૂા. ૪૧૮ કરોડ) સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ અને હાલના શેરધારકો, ઉદયકુમાર અરુણકુમાર પારેખ દ્વારા રૂા. ૧,૬૫૦.૦૦ મિલિયન (રૂા.૧૬૫ કરોડ) સુધીના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે.

કંપની હાઈ પ્રિસિઝન એન્જિનિયર્ડ ઘટકો અને એસેમ્બલીઓના મુખ્ય ઉત્પાદકોમાંની એક છે જે એનર્જી મોશન કંટ્રોલ અને ઓટોમેશન, ઈન્ડસ્ટ્રીયલ ઈક્વિપમેન્ટ સિસ્ટમ્સ, મેટલ ફોર્મિંગ અને અન્ય વૈવિધ્યસભર ઔદ્યોગિક એપ્લિકેશનો જેવા ઉદ્યોગોમાં વૈશ્વિક ગ્રાહકોને સપ્લાય કરે છે. ૧૯ વર્ષના અનુભવ સાથે, કંપની હાઈ એન્જિનિયર્ડ પ્રિસિઝન મશીનવાળા ઘટકો અને એસેમ્બલીઓનું ઉત્પાદન કરે છે જેનો ઉપયોગ મુખ્યત્વે સેફ્ટી-ક્રિટિકલ એપ્લિકેશનોમાં થાય છે.

કંપનીના ઈક્વિટી શેર્સનું બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર લિસ્ટિંગ કરવાનો પ્રસ્તાવ છે.

# નવસારી એલસીબી પોલીસે હોન્ડ-વંકાલ રોડ પરથી વિદેશી દારૂ ભરેલ કાર ઝડપી પાડી

## ૮.૩૨ લાખ રૂપિયાનો મુદ્દામાલ સાથે એકની કરેલી ધરપકડ, ચાર વોન્ટેડ : વધુ તપાસ પોલીસ કરી રહી છે




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૨૨**

નવસારી એલસીબી પોલીસે હોન્ડ-વંકાલ રોડ પરથી વિદેશી દારૂ ભરેલ કાર ઝડપી પાડી ૮.૩૨ લાખ રૂપિયાનો મુદ્દામાલ સાથે એકની ધરપકડ કરી ચાર જેટલાને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

નવસારી એલસીબીના પીઆઈ શ્રી એસ.વી.આહીર, હે.કો શ્રી યુવરાજસિંહ જુવાનસિંહ, શ્રી બ્રિજેશ સતીશચંદ્ર, શ્રી તાહિરઅલી શાહબુદ્દીન સહિતનો સ્ટાફ ચીખલી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો. દરમિયાન પૂર્વ બાતમીના આધારે ને.હા.નં-૪૮ ઉપર હોન્ડથી વંકાલ જતા રોડ ઉપર વોચ ગોઠવી હતી.

દરમિયાન બાતમી મુજબનું હુંડાઈ વરના કાર નં.જીજે-૧૬-સીએચ-૫૧૦૫ આવતા પોલીસની નાકાબંધી જોઈ કાર ચાલકે પુરઝડપે હંકારી લઈ જઇ રોડની સાઈડે ઉતારી દઈ ભાગવા જતા ક્લીનરને ઝડપી પાડ્યો હતો. જ્યારે કાર ચાલક ભાગી જવામાં સફળ રહ્યો હતો.બાદમાં પોલીસે કારની તલાસી લેતા અંદરથી ભારતીય બનાવટની વિદેશી દારૂ, ટીન-બિયર તથા વોડકાની નાની મોટી બોટલ નંગ-૧૩૯૩, કિ.રૂ.૩,૧૭,૭૩૫/-, કારની કિ.રૂ.૫-લાખ મળી કુલ્લે રૂ.૮,૩૨,૭૩૫/-નો મુદ્દામાલ કબ્જે કરી ક્લીનર સ્મિત ચંદુભાઇ પટેલ (ઉ.વ-૨૮) (રહે.નાની કોળીવાડ પલસાણા કલ્સરની સામે તા.પારડી જી.વલસાડ) ની ધરપકડ કરી હતી. જ્યારે કાર ચાલક રિષભ ઉર્ફે ભૈયો ગોપાલધર દુબે (રહે.વાંકાનેડા પાટી ચાલ ચલથાણ તા.પલસાણા જી.સુરત), દારૂનો જથ્થો ભરી આપનાર જૈવિક ઉર્ફે રાજા (રહે.કલસર તા.પારડી જી.વલસાડ), રોહિત રાજગર (રહે.કડોદરા) તથા વરના કારનો માલિક મળી કુલ ચાર જેટલાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ પોલીસ કરી રહી છે.

# ફાગણી પૂનમે શામળાજી મંદિરના દર્શનના સમયમાં ફેરફાર કરાયો

## વહેલી સવારે ખુલશે શામળાજી મંદિરના કપાટ



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**હિંમતનગર, તા.૨૨**

ગુજરાતનું સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં હોળીનો તહેવાર ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવે છે. જેના કારણે આગામી ફાગણ સુદ પૂર્ણિમાના પવિત્ર દિવસે શામળાજી મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. તારીખ ૩ માર્ચ, મંગળવારના રોજ ફાગણી પૂર્ણિમાની સાથે સૂર્ય ગ્રહણ હોવાને કારણે મંદિર ટ્રસ્ટ દ્વારા દર્શન અને આરતીના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સામાન્ય દિવસોની સરખામણીએ સૂર્ય ગ્રહણને ધ્યાનમાં રાખીને મંદિર તેના નિયત સમય કરતાં એક કલાક વહેલું એટલે કે સવારે ૫:૦૦ વાગ્યે ભક્તો માટે ખોલવામાં આવશે.

બપોરે ૧:૩૦ વાગ્યા બાદ રાત્રિના ૮:૩૦ વાગ્યા સુધી ઠાકોરજી આગળની ઝાળી બંધ રાખવામાં આવશે. જોકે, ભક્તો ઝાળીની બહારથી ભગવાનના દર્શનનો લાભ લઈ શકશે. ગ્રહણનો પ્રારંભ બપોરે ૦૩:૨૦ વાગ્યે અને ગ્રહણ મોક્ષ (સમાપ્તિ) સાંજે ૦૬:૪૭ વાગ્યે થાય છે. સાંજે ૬:૪૭ કલાકે ગ્રહણ પૂર્ણ થયા બાદ શાસ્ત્રોક્ત વિધિ મુજબ મંદિરનું પ્રક્ષાલન (શુદ્ધિકરણ) કરવામાં આવશે અને ત્યારબાદ જ અન્ય ધાર્મિક વિધિઓ પૂર્ણ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ફાગણી પૂનમે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડતા હોય છે, ત્યારે આ સમયમાં થયેલા ફેરફારની નોંધ લેવા મંદિર વહીવટી તંત્ર દ્વારા વિનંતી કરવામાં આવી છે.

### નાયબ ઈજનેર દ્વારા અજાણ્યા શખ્સો વિરુદ્ધ

# ચીખલી તાલુકાના ચાર ગામોમાંથી ખેતીવાડી લાઈનના ૩.૩૪ લાખના વાયરોની ચોરી થતાં પોલીસ ફરિયાદ નોંધાવાઈ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૨૨**

ચીખલી તાલુકામાં ચાર ગામોમાંથી ખેતીવાડી લાઈનના ૩.૩૪ લાખના વાયરોની ચોરી થતા નાયબ ઈજનેર દ્વારા ચીખલી પોલીસ મથકમાં અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

ચીખલી તાલુકામાં દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડના ટાંકલ સબ ડિવિઝન હેઠળ આવતા વાંઝણા, ચાસા અને ઉઢવણ સહિતના ગામોમાં તસ્કરોએ ખેતીવાડીની વીજ લાઈનને નિશાન બનાવી ખેતરોમાંથી પસાર થતી આઠ કલાકની વીજ લાઈનના અંદાજે ૮,૧૬૦ મીટર જેટલી લંબાઈના એલ્યુમિનિયમના વીજ વાયરો જેની કિ.રૂા.૩,૩૪,૬૯૬ ની અજાણ્યા ઈસમો દ્વારા ૨૭-ઓક્ટોબર-૨૦૨૫ થી ૬-જાન્યુઆરી-૨૦૨૬ દરમિયાન અલગ અલગ ખેતરોમાં જઈ વાયરો કાપી લઈ જતા સમગ્ર મામલે દક્ષિણ ગુજરાત વીજ કંપનીના નાયબ ઈજનેર શ્રી મુકેશભાઈ પટેલે ચીખલી પોલીસ મથકમાં અજાણ્યા શખ્સો વિરુદ્ધ લેખિત ફરિયાદ નોંધાવતા વધુ તપાસ પીએસઆઈ બી.સી.ગઢવી કરી રહ્યા છે. હાલ ખેતીની સીઝન હોવાથી વીજળીના અભાવે ખેડૂતોને પાકને પાણી પાવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.ખેતરોમાં વીજ પુરવઠો બંધ થઈ જવાથી આર્થિક નુકસાનની સાથે ખેતીકામમાં પણ મોટો વિલંબ થઈ રહ્યો છે.

# વલસાડ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક મળી




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૨

વલસાડ જિલ્લા સંકલન-વ-ફરિયાદ સમિતિની માસિક બેઠક ભાગ-૧ અને ભાગ-૨ ની બેઠક જિલ્લા કલેક્ટરશ્રી ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે મળી હતી. જેમાં કુલ ૧૩ પ્રશ્નોની ચર્ચા થઈ હતી.

સંકલન બેઠકમાં ઉમરગામ ધારાસભ્યશ્રી રમણલાલ પાટકર દ્વારા જિલ્લામાં ચાલી રહેલા વિવિધ વિકાસ કાર્યો અંગે પ્રશ્નો અને સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં ગુજરાત-મહારાષ્ટ્રની હદ પર નંદીગામ પાસે ને.હા.નં. ૪૮ પર દુકાનોના દબાણ, ચણોદ મુખ્ય રસ્તાનું કામ, પર્યટન સ્થળો માટે નવી બસ સુવિધાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉમરગામ તાલુકાના ભીલાડ ઈન્ડિયાપાડા, ધોડીપાડા અને નિકોલીપાડાની શાળામાં ઓરડાના ઘટ અંગે રજૂ થયેલા પ્રશ્નોનો ઉકેલ આવતા ધારાસભ્યશ્રી પાટકરે જિલ્લા વહીવટી તંત્રનો આભાર પણ માન્યો હતો. હવે ઉનાળાની સિઝન ચાલું થઈ હોય તેવી ગરમી પડી રહી છે ત્યારે આગામી મહિનાઓમાં પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે આગોતરૂ આયોજન કરવા સૂચનો આપી રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલા સુજલામ્ - સુફલામ્ અભિયાન હેઠળ તળાવો ઉંડા કરાતા પાણીના સ્ત્રોત વધ્યા હોવાનું જણાવી સરકારશ્રીના અભિયાનને બિરદાવ્યુ હતું.

પ્રજાના પ્રતિનિધિ તરીકે ધારાસભ્યશ્રી દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોના નિકાલ માટે જિલ્લા કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

ભાગ- ૨ની બેઠકમાં સરકારી કચેરીના નિવૃત્ત થનાર કર્મચારીઓના પેન્શન કેસ તૈયાર કરી કચેરીના વડાઓને રિવ્યૂ કરવા કલેક્ટરશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી યુવરાજસિંહ જાડેજા, નિવાસી અધિક કલેક્ટરશ્રી મહિપાલસિંહ ચુડાસમા, વલસાડ, પારડી અને ધરમપુરના સર્વે પ્રાંત અધિકારીશ્રી વિમલ પટેલ, નિરવ પટેલ અને આર.સી.પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી અશોક કલસરીયા, જિલ્લા આયોજન અધિકારીશ્રી ભરતભાઈ પટેલ, દક્ષિણ વન વિભાગના નાયબ વન સંરક્ષક દિનેશ રબારી અને ઉત્તર વન વિભાગના નાયબ વન સંરક્ષક લોકેશ ભારદ્વાજ, સામાજિક વનીકરણ વિભાગના નાયબ વન સંરક્ષકશ્રી રોહિત ચૌધરી, માર્ગ અને મકાન વિભાગ સ્ટેટના કાર્યપાલક ઈજનેર જતીન પટેલ અને માર્ગ અને મકાન વિભાગના પંચાયતના કાર્યપાલક ઈજનેરશ્રી ભાવેશ પટેલ અને ડીવાયએસપી (એચ.ક્યુ.) ભાર્ગવ પંડ્યા સહિતના સંબંધિત અધિકારી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાપી ડુંગરી ફળીયા રહેણાંક વિસ્તારમાં કચરાંના ઢગલામાં ભીષણ આગ લાગતા ભયનો માહોલ છવાયો









(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૨

વાપી ડુંગરી ફળીયા વિસ્તારમાં આજે રવિવારે બે વાગ્યાના સુમારે મહાવીરનગર પાસેના કચરાંના ઢગલામાં ભીષણ આગ લાગી હતી. રહેણાંક વિસ્તારમાં આગ લાગેલી આગથી ચોમેર ભયનો માહોલ છવાઈ ગયો હતો.

વાપી ડુંગરી ફળિયા મહાવીરનગર પાસે આજે બપોરે કચરાંના ઢગલામાં અચાનક ભીષણ આગ લાગી હતી. જોતજોતામાં આગની જવાળા અને ધુવાડાઓને લઈ સ્થાનિક વિસ્તારમાં ભય ફેલાઈ ગયો હતો.

ડરના માર્યા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. આગના બનાવની જાણ સ્થાનિક લોકોએ ફાયર વિભાગને કરતા નોટીફાઈડ ફાયરની ગાડી ઘટના સ્થળે પહોંચી હતી અને આગ બુઝાવાની જાનહાની થવા પામેલ નથી.પરંતુ રહેઠાણ એરીયા હોવાથી લોકો વધુ ભયભીત બન્યા હતા.

# વાપી રાજસ્થાન પ્રગતિમંડળ અને પિરામિડ સ્પિરિચ્યુયલ સોસાયટી મુવમેન્ટના સંયુક્ત ઉપક્રમે યોગ શિબિર યોજાઈ



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૨

વાપી રાજસ્થાન પ્રગતિ મંડળ અને પિરામિડ સ્પિરિચ્યુયલ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે રવિવારે નિઃશુલ્ક યોગ શિબિર રાજસ્થાન ભવનમાં યોજાઈ હતી.

રાજસ્થાન ભવનમાં યોજાયેલ ધ્યાન યોગ શિબિરમાં ધ્યાન યોગના પ્રશિક્ષક વૃત્તિકાએન કારીયાએ પિરામીડ સ્પિરિચ્યુલ સોસાયટીઝ મુવમેન્ટની સ્થાપના અંગે જણાવતા કહ્યુ હતું કે, દક્ષિણ ભારતના કસ્તુલમાં બ્રહ્માણી પાણીજીને ભગવાન બુદ્ધ દ્વારા પ્રતિપાદિત આનાધાન અતિધ્યાન ધ્યાનની માહિતી આપી હતી.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આનાધાન અતિ ધ્યાન સર્વ છે. આપણા શ્વાસ સાથે એકાકારક થવું આ મુવમેન્ટની શરૂઆત થઈ હતી. આજે પુરા વિશ્વમાં ધ્યાન, શાકાર, પિરામિડ ઉર્જાઓને આધ્યાત્મિક વિજ્ઞાનને જન જન સુધી પહોંચાડાય છે. ઉપસ્થિત સાધકોએ અડધો કલાક અભ્યાસ અને સાક્ષાત્કાર કરાવાયો હતો.

રાજસ્થાન પ્રગતિ મંડળના અધ્યક્ષ શ્રી રાજેશ દુગડેએ જણાવ્યું હતું કે, ભૌતિક યુગમાં પણ મનુષ્ય પાસે સારી સુવિધા, સુખ અને આર્થિક સંપન્નતા છે. પરંતુ મનની અંદર શાંતિ નથી. ધ્યાન યોગના માધ્યમથી મનની શાંતિ મેળવી શકાય છે. ધ્યાન શિબિર દ્વારા આપણું જીવન જીવવાની કલા શીખીએ છીએ. કાર્યક્રમ સંયોજક સંજલ સિંઘમ અને મુખ્યવક્તા વૃત્તિકા કારીયા અને ભવનના હોમિયોપોથીક ક્લીનિક પ્રભારી ડો. તનુ ધાબડાએ તમામને આભાર વ્યક્ત કર્યો હતો.

# વલસાડ જિલ્લા ખનિજ ખાતા દ્વારા છેલ્લા ૧૦ માસમાં બિનઅધિકૃત ખનન/વહન/સંગ્રહનાં કુલ ૪૨૭ કેસમાં રૂ.૪૬૦.૪૭ લાખની વસુલાત

## આ વસુલાત ગત નાણાકીય વર્ષની સરખામણીમાં ૨.૫ ગણી વધારે છેઃ ઈન્ચાર્જ મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૨

વલસાડ તાલુકાના રોલા ગામમાં વારી સાઈટ પર બિનઅધિકૃત (રોયલ્ટી વગર) માટી કામ - ૧ રોયલ્ટી પાસમાં ૧૦-૧૨ ટ્રીપ ચલાવી કામ કરવા બાબતની ફરીયાદ વલસાડ જિલ્લા ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાની કચેરીને મળતા મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીશ્રીની સૂચનાથી ટીમ દ્વારા તા.૧૪/૦૨/૨૦૨૬ અને તા.૧૫/૦૨/૨૦૨૬ના રોજ મોજે.રોલા, તા.જી.વલસાડ ખાતે આવેલી વારી કંપનીની સાઈટની આજુબાજુના વિસ્તારોમાં રોડ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમ્યાન વારી કંપનીની આજુબાજુમાં તેમજ વારી કંપનીમાં જતા ખનિજ ભરેલા વાહનોને ચેક કરવામાં આવ્યા હતા. તપાસ દરમ્યાન રોયલ્ટી પાસ/ડિલીવરી ચલણ સાથે પસાર થઈ રહેલા ખનિજ ભરેલા વાહનોની એન્ટ્રી જીઓમાઈન મોબાઈલ એપ્લિકેશન પર કરવામાં આવી હતી. તપાસ દરમ્યાન કુલ-૮૮ ખનિજ ભરેલા વાહનોને ચેક કરવામાં આવ્યા હતા, જેમાંથી કુલ-૨૦ ખનિજ ભરેલા વાહનો વારી કંપનીની સાઈટ ખાતે સાદી માટી ખનિજનું પુરાણ અર્થે ખનિજનું વહન કરી રહેલા હોવાનું માલુમ પડ્યું હતું. આ તપાસ દરમ્યાન ખનિજ ભરેલ વાહનો દ્વારા એક રોયલ્ટી પાસથી એક જ ફેરો કર્યો હોવાનું માલુમ પડ્યું હતું તેમજ ખનિજ ભરેલ વાહનો દ્વારા એક રોયલ્ટી પાસથી એક કરતા વધુ વખત ફેરો કરેલ હોવાનું ધ્યાને આવ્યું નથી. આ તપાસ દરમ્યાન રોયલ્ટીપાસ/ડીસી પાસ વગર બિનઅધિકૃત ખનિજ વહનની પ્રવૃત્તિ જોવા મળી ન હતી.

તા.૧૬/૦૨/૨૦૨૬ના રોજ આ બાબતે રોલા ખાતે આવેલી વારી કંપની સાઈટની ટીમ દ્વારા સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમ્યાન વારી કંપનીમાં થયેલ સા.માટી ખનિજના પુરાણના આધાર પુરાવા કચેરીમાં રજૂ કરેલ જે આધાર પુરાવા મુજબ નવેમ્બર-૨૦૨૫ થી ચાલુ માસ દરમ્યાન ૩૮,૬૬૨.૯૮ મે.ટન સા.માટી ખનિજના જથ્થાનું પુરાણ કરવામાં આવેલ છે આમ, ઉક્ત બાબતે કોઈ પ્રકારની બિનઅધિકૃત ખનિજ વહન પ્રવૃત્તિ તપાસ દરમ્યાન જોવા મળેલ નથી.

વધુમાં, વલસાડ જિલ્લામાં કચેરીથી બિનઅધિકૃત ખનિજ ખનન/વહન/સંગ્રહ અન્વયે સઘન ચેકીંગની કામગીરી હાથ ધરીને એપ્રિલ-૨૦૨૫ થી જાન્યુઆરી-૨૦૨૬ અંતિત સુધીમાં ખનિજચોરીના વિવિધ કેસો જેવા કે, રોયલ્ટી પાસ વગર તેમજ રોયલ્ટી પાસથી વધુ જથ્થાનું વહન તેમજ બિનઅધિકૃત ખનન/વહન/સંગ્રહનાં કેસોમાં ગુજરાત ગેરકાયદેસર ખાણકામ, સંગ્રહ, પરિવહન નિવારણ નિયમો-૨૦૧૭ અન્વયે કાર્યવાહી હાથ ધરીને કુલ-૪૨૭ કેસોમાં રૂ.૪૬૦.૪૭ લાખની વસુલાત કરવામાં આવી છે, જે ગત નાણાકીય વર્ષની સરખામણીમાં ૨.૫ ગણી વધારે વસુલાત કરવામાં આવી છે એવી ઉપરોક્ત વિસ્તૃત વિગત ઈન્ચાર્જ મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીની અખબારી યાદીમાં જણાવવામાં આવી છે.

# વલસાડના ધમડાચી ખાતે ૧૦માં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નમાં ૧૧૧ યુગલોએ પ્રભૂતામાં પગલાં પાડ્યા

## નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ અને પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલે નવયુગલોને આશીર્વાદ આપ્યા







(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૨

વલસાડના ધમડાચી ખાતે શ્રી વલસાડ તાલુકા પટેલ સમાજ પ્રગતિ મંડળ અને શ્રી ચંદ્રમૌલિશ્વર મહાદેવ સંસ્થાપન ટ્રસ્ટ દ્વારા આયોજિત '૧૦માં સર્વજ્ઞાતિ સમૂહલગ્ન'માં નાણાં, શહેરી વિકાસ અને શહેરી આવાસ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અને આદિજાતિ વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ મંત્રીશ્રી અને વલસાડના પ્રભારી મંત્રી શ્રી નરેશભાઈ પટેલે ૧૧૧ યુગલોને આશીર્વાદ આપ્યા હતા. લોકસભા દંડક અને સાંસદશ્રી ધવલભાઈ પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ નવદંપતિઓ અને પરિવારજનોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતુ કે, આજના સમયમાં લગ્નપ્રસંગો ખર્ચાળ બની રહ્યા છે. ત્યારે આવા સમૂહલગ્નોનું અયોજન ખુબ જ સરાહનિય કાર્ય છે. આ નવદંપતિઓ સંસાર શરૂ કરી રહ્યા છે ત્યારે ભવિષ્યમાં તેમના માથે બાજો આવશે નહીં તેમજ તેઓ સરળતાથી જીવન વિતાવી શકશે.

પ્રભારીમંત્રી શ્રી નરેશભાઈ પટેલે પણ આર્શીવચનો પાઠવતાં કહ્યું હતું કે, મહાનુભાવો, સંતો અને સમાજસેવકોની હાજરીમાં લગ્ન થઈ રહ્યા છે ત્યારે નવદંપતીઓની પણ પરિવાર અને સમાજને સાથે લઈને ચાલવાની જવાબદારી બને છે. પરિવારોને પણ વિનંતી કરૂં છું કે, તમરા ઘરમાં દીકરી આવી રહી છે તેવી ભાવનાથી જીવનભર ખુબ જ સાચવીને રાખજો. સમૂહલગ્નના આયોજન બદલ તમામ આયોજકોને સમાજસેવાના મહત્વપૂર્ણ કાર્ય માટે અભિનંદન પાઠવું છું.

કાર્યક્રમમાં વલસાડ ધારાસભ્યશ્રી અને સમૂહલગ્નના અયોજક શ્રી ભરતભાઈ પટેલે સ્વગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા.

# વલસાડ સુરવાડા દરિયા કિનારે મૃત દરિયાઈ જીવોના અવશેષો મળતા ઘટનાથી કુતૂહલ છવાયું





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૨

વલસાડ તાલુકાના સુરવાડા ગામના દરિયાકિનારે આજે સવારે મોર્નિંગ વોક પર નીકળેલા લોકોને મૃત દરિયાઈ જીવોના અવશેષો જોવા મળતા સ્થાનિકોમાં ભારે કુતૂહલ અને ચર્ચાનો વિષય બન્યો હતો. રક્ષિત શ્રેણીના જીવોના અવશેષો મળ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર આજે સવારે ૮:૩૦ કલાકે દરિયા કિનારે મૃત જીવો દેખાતા સ્થાનિકોએ વલસાડ ખાતે પર્યાવરણ અને જીવદયા ક્ષેત્રે કાર્યરત 'પ્રહરી ચેરીટેબલ ટ્રસ્ટ'ના પ્રમુખ શ્રી સંકેતભાઈ દેસાઈને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા જ તેઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. નિરીક્ષણ કરતા જાણવા મળ્યું હતું કે, કિનારે એક ડોલ્ફિનનું હાડપિંજર અને મૃત માલાબાર દરિયાઈ સાપ તણાઈ આવ્યા છે.

નોંધનીય છે કે, ડોલ્ફિન વ્હેલ, દરિયાઈ કાચબા અને દરિયાઇ સાપ જેવા જીવોને વન્યજીવ સંરક્ષણ અધિનિયમ હેઠળ 'રક્ષિત શ્રેણી'માં મૂકવામાં આવ્યા છે.

વન વિભાગની ભૂમિકા અને પ્રવાસીઓની સુરક્ષા વલસાડના પ્રખ્યાત તિથલ અને આસપાસના દરિયાકિનારે રોજેરોજ મોટી સંખ્યામાં સહેલાણીઓ આવતા હોય છે. આવા સંજોગોમાં દરિયાકિનારે તણાઈ આવતા મૃત કે જીવિત જળચર જીવો પ્રવાસીઓ માટે ઘાતક અને જોખમી સાબિત થઈ શકે છે.

નિયમાનુંસાર, દરિયાકિનારે મળી આવતા આવા જીવોની સંપૂર્ણ જવાબદારી વન વિભાગની હોય છે. તેથી વન વિભાગ દ્વારા સતર્ક રહીને સુરક્ષાના હેતુથી આવા જીવોને કિનારા પરથી ખસેડી લેવા અથવા મૃત જીવોનો નિયમો અનુસાર સત્વરે નિકાલ કરવો અંત્યંત જરૂરી છે.

# ધરમપુર રાજપુરી તલાટી ગામે નવી તૈયાર થયેલ પ્રાથમિક શાળાના મકાનનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૨

તા.૨૨/૦૨/૨૦૨૬ના દીને ધરમપુર તાલુકાના રાજપુરી તલાટ ગામે પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

રાજપુરી તલાટ ગામે જૂની સ્કૂલ જર્જરિત હતી અને તોડી પાડવામાં આવી હતી બાળકો ગામની ગ્રામપંચાયતમાં અભ્યાસ કરતા હતા અને નવી શાળા મંજુર થઈ હતી પરંતુ કોન્ટ્રાકટર દ્વારા એમ કહેવામાં આવતું હતું કે સ્કૂલ નો નકશો ગાંધીનગર થી આવે પછી ચાલું થશે પરંતુ ત્યારના એસએમસીના અધ્યક્ષ પ્રકાશ અને ગામના સામાજિક જાગૃત નાગરિક મુન્નાભાઈએ ટેલિફોનીક જાણ કરી હતી શાળા ની રૂબરૂ મુલાકાત લીધી હતી અને સ્થાનિક આગેવાનો સાથે તાત્કાલિક કામ ચાલું ન કરવામાં આવે તો સ્કૂલના બાળકોના હિતને ધ્યાને રાખી સ્કૂલને તળાબંધી કરવાની જાહેરાત કરી હતી અને તાત્કાલિક કોન્ટાક્ટર દ્વારા કામ ચાલું કરી દેવામાં આવ્યું હતુ. અને આજે ગામના ૧૦૮ બાળકો માટે ખુબજ સુંદર મકાન બનીને તૈયાર થતાં તેનું લોકાર્પણ ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય શ્રી ગણેશ બિરારી, એસએમસીના અધ્યક્ષ અને સભ્યશ્રીઓ, ગામના સરપંચશ્રી પ્રફુલભાઈ, માજી સરપંચ શ્રી દિલીપ પટેલ, મારાં મિત્ર ઉપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. ગામની સ્કૂલ માટે જેમણે ભૂમિદાનમાં આપી હતી એનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.



વર્તમાન પ્રવાહ

# તંત્રી લેખ

## સરકારે મેગા પ્રોજેક્ટ, ભવ્ય દેખાવવાળી યોજનાને બદલે પ્રાથમિક સુવિધા, માળખાંમાં જે કંઈ ખૂટતું હોય તેને પ્રાધાન્ય આપવું પડશે

**દરેક વિકાસયોજનાના કામોમાં અધિકારીઓ અને નેતાઓની નિષ્ઠા સાથે પ્રજાલક્ષી વલણ જરૂરી છે, સમયસર યોજનાઓના કામ પૂર્ણ થાય તે જરૂરી છે, જો આ દિશામાં યોગ્ય કામ થાય તો ભારતના શહેરો પણ પરદેશ જેવા આધુનિક, ભભકાવાળા દેખાવા લાગશે એમાં કોઈ બે મત નથી**

કેન્દ્રીય બજેટમાં કોઈ અસામાન્ય તત્ત્વ જોવા નથી મળ્યું તેવી ફરિયાદ કે મ્હણું દૂર થાય એ પ્રકારની જાહેરાત દેશના શહેરોને વિકસાવવા માટે કેન્દ્ર સરકારે કરી છે. રૂા. ૧ લાખ કરોડની ફાળવણીને કેબિનેટે મંજૂરી આપી છે. આ નિર્ણય દેશના શહેરોમાં વિકાસને વધારે ગતિ આપશે. જે સંકલ્પના સાથે આ રકમ ફાળવવામાં આવી છે તે પૂર્ણ થાય તો શહેરોમાં સુવિધાના ભંડાર ખુલશે. જો કે, કોઈ યોજના કે કામ શરૂ થાય તે પૂર્વે જ સત્તામંડળો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કે રાજ્ય સરકારે એ નક્કી કરવું પડશે કે મેગા પ્રોજેક્ટ, ભવ્ય દેખાવવાળી યોજનાને બદલે પ્રાથમિક સુવિધા, માળખાંમાં જે કંઈ ખૂટતું હોય તેને પ્રાધાન્ય આપવું પડશે. શહેરી માળખાંને વધારે સારું બનાવવા માટે કેન્દ્રીય કેબિનેટે અર્બન ચેલેજન્ડ ફંડ મંજૂર કર્યું છે. શહેરી વિકાસ પડકારની આ રાશિ ૧ લાખ કરોડ છે, ઉચ્ચ ગુણવત્તાવાળી માળખાંકીય સુવિધા, પરિવહનના આધુનિક સાધનોથી લઈ ઘણી બાબતોનો તેમાં સમાવેશ છે. કેન્દ્ર સરકાર ૨૫ ટકા રકમ આપશે, ૫૦ ટકા બાહ્ય - નિજી સ્રોતોમાંથી આવશે. ૨૫ ટકા સ્થાનિક તંત્ર કે સત્તાના રહેશે. સરકારને આશા છે, આગામી પાંચ વર્ષમાં ચાર લાખ કરોડનું રોકાણ આવશે. છેલ્લા દાયકામાં શહેરોમાં વિકાસ નોંધપાત્ર રીતે થયો છે, તેને આગળ વધારવાના ભાગરૂપે જ આ યોજના છે. અગાઉ કોંગ્રેસના સમયમાં એન.યુ.આર.એમ. જેવા પ્રકલ્પ પણ થયા છે. આ નવી ફાળવણી શહેરી વિસ્તારના સર્વાંગી વિકાસની કલ્પના સાથેની છે. આપણા મહાનગરો આધુનિક સેતુ, વિવિધ રિંગરોડથી હવે ધમધમે છે. મુંબઈમાં અંડર વોટર ટનલ અને સી લિંક ઈજનેરી કૌશલ્યના પુરાવા છે. તો રાજકોટ જામનગર જેવા મધ્યમ કક્ષાના શહેરોમાં પણ આ સુવિધાઓ વિકસી રહી છે. મેટ્રો સહિતનાં પરિવહન માધ્યમો છે. હવે જ્યારે કેન્દ્ર સરકાર આટલી મોટી રકમ સાથે આ વિકાસની યાત્રા આગળ વધારી રહી છે ત્યારે કેટલીક બાબતો ધ્યાને રહેવી જોઈએ. એક તો એ કે જે હેતુથી સરકાર રકમ આપે તેના માટે જ ઉપયોગ થાય તે જોવું જ જોઈએ. બીજું, હજુ આપણાં શહેરોમાં જન શૌચાલય પૂરતા પ્રમાણમાં નથી. ટ્રાફિક દિવસે દિવસે વધી રહ્યો છે, રસ્તાની ગીચતા વધારે છે. સામાન્ય લાગતી આ વાતો અગત્યની છે. 'સ્માર્ટ સિટી' નિર્માણ સામે આવેલા પડકાર અને રહેલી ક્ષતિ ધ્યાનમાં રહેશે એવી આશા રાખી શકાય. મોટા પુલ કે આધુનિક સંકુલના નિર્માણ સામે કોઈ વાંધો હોય નહીં પણ પાયાની સુવિધા પૂર્ણ થયા પછી આ બધું હોય તો વિકાસનું સંતુલન જળવાય. ભારતના શહેરો જે રીતે વિકસી રહ્યા છે તે જોતાં આ ૧ લાખ કરોડની ફાળવણીનો નિર્ણય પથદર્શક છે. ફક્ત નાણાંથી કામ નહીં થાય. અધિકારીઓની નિષ્ઠા, પ્રજાલક્ષી વલણ જરૂરી છે. સમયસર યોજનાઓ, કામ પૂર્ણ થાય તે જરૂરી છે. જો આ દિશામાં યોગ્ય કામ થાય તો ભારતના શહેરો પણ પરદેશ જેવા આધુનિક, ભભકાવાળા દેખાવા લાગશે. આ બધાની સાથે જે અનિવાર્ય છે તે છે નાગરિક ધર્મ - સિવિક સેન્સ. સુવિધાથી શોભતાં શહેરોમાં નિયમોનું પાલન, સ્વચ્છતા પણ જરૂરી રહેશે અને આ યોજનાને સાકાર કરવામાં નાગરિકોનું યોગદાન પણ રહેશે.

F.I.R. દાખલ થયા બાદ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીની પહેલી પ્રતિક્રિયા

# અમે ધર્મ યુદ્ધ શરૂ કર્યું છે, જે હવે અટકશે નહીં

**યોગી આદિત્યનાથ જેવા લોકો આવું કરી શકે, તો હવે અમે ધર્મ યુદ્ધ શરૂ કર્યું છે જે રોકાશે નહીં. બોમ્બ ગોળા સામેથી આવી રહ્યા છે**



**માતાની પ્રતિષ્ઠાનો અવાજ ઉઠાવવાનું આ નુકસાન મારે ભોગવવું પડી રહ્યું છે, મારા પર એવા આરોપ લગાવાયા છે, જેની સર્વ સમાજમાં કોઈ કલ્પના પણ ન કરી શકે, પરંતુ હું ડરવાનો નથી, કારણ કે સત્યને આંચ પણ નહીં: શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**પ્રયાગરાજ, તા.૨૨**

પ્રયાગરાજના ઝૂંસી પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ હેઠળ યૌન શોષણની ફરિયાદ દાખલ થતાં શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીની પ્રથમ પ્રતિક્રિયા સામે આવી છે.

આ અંગે તેમણે કહ્યું છે કે, 'મને અંદાજ હતો કે મારી વિરુદ્ધ કંઈ થશે, પરંતુ આ પ્રકારના નીચ આક્ષેપ લાગશે તેવી કલ્પના ન હતી. ગૌ હત્યારા કેટલી નીચતા પર ઉતરી રહ્યા છે, એ જોઈ શકાય છે. યોગી આદિત્યનાથ જેવા લોકો આવું કરી શકે, તો હવે અમે ધર્મ યુદ્ધ શરૂ કર્યું છે જે રોકાશે નહીં. બોમ્બ ગોળા સામેથી આવી રહ્યા છે.'

આ બાદ શંકરાચાર્યએ આગળની કાર્યવાહી અને તપાસમાં પૂરતો સહયોગ આપવાની તૈયારી દર્શાવતા કહ્યું કે, 'અમે સંપૂર્ણ સહયોગ માટે તૈયાર છીએ, કોઈના પર પણ ખોટો આરોપ લાગે તો કોઈ પણ સિદ્ધ કરવા માટે તૈયાર રહે છે, આ બાદ ધરપકડ પર પણ સવાલ કરવામાં આવ્યો જેના જવાબમાં જણાવ્યું કે, જે રીતે મુખ્યમંત્રીની પોલીસ કામ કરી રહી છે. બટુકોનું અપમાન થયું છે, ધરપકડની સંભાવનાનો તે લોકો લાભ ઉઠાવી શકે છે. બધાને ખબર છે તે શું કરશે, અમે તૈયાર બેઠા છીએ, ક્યારેય ભાગ્યા હોય તો જણાવો, તે ધરપકડ કરવા માંગે છે તો હું તેમના પ્રશ્નોના જવાબ દેવા તૈયાર છું, તે અહીં પૂછપરછ કરે કે ત્યાં લઈ જઈને કરે'

ગઈકાલે ૨૧ ફેબ્રુઆરીના રોજ જ્યોતિષ પીઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી વિરૂદ્ધ યૌન શોષણના આરોપ મામલે એડીજે રેપ એન્ડ પોક્સો સ્પેશિયલ કોર્ટથી ફરિયાદ દાખલ કરવાનો આદેશ આપ્યો હતો. તેમના શિષ્ય સ્વામી મુકુંદાનંદ ગિરી વિરૂદ્ધ પણ ફરિયાદ દાખલ કરવાનો નિર્દેશ હતો. જે બાદ આજે પ્રયાગરાજના ઝૂંસી પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ હેઠળ યૌન શોષણની ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, શ્રી કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ નિર્માણ ટ્રસ્ટના અધ્યક્ષ અને શાકુંભરી પીઠાધીશ્વર આશુતોષ બ્રહ્મચારી મહારાજે ૧૭૩ (૪) હેઠળ અરજી દાખલ કરી હતી, જેમાં ફરિયાદ દાખલ કરીને કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. આરોપ લગાવનારા બંને સગીરોના નિવેદન ૧૩ ફેબ્રુઆરીએ કોર્ટમાં વીડિયોગ્રાફી સાથે દાખલ કરાયા હતા. કોર્ટે પોલીસ રિપોર્ટને પણ સંજ્ઞાનમાં લીધો હતો. હવે કોર્ટના આદેશ બાદ ફરિયાદ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરાશે, આશુતોષ બ્રહ્મચારીએ દાવો કર્યો કે, તેમણે કથિત ઘટનાઓથી સંબંધિત સીડી પણ કોર્ટમાં સોંપી છે. તેમણે કહ્યું કે, તેમને ન્યાય મળ્યો છે અને તેઓ પ્રયાગરાજથી વિદ્યા મઠ, વારાણસી સુધી પગપાળા સનાતન યાત્રા કાઢશે જેથી લોકોને હકીકત જણાવી શકાય. શનિવારે કોર્ટના આદેશ બાદ સ્વામી અવિમુક્તેશ્વરાનંદનું નિવેદન પણ સામે આવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, જે વ્યક્તિએ આરોપ લગાવ્યા છે તે ખુદ હિસ્ટ્રીશીટર છે. અમારી વિરૂદ્ધ દાખલ કરાયેલી ફરિયાદ સંપૂર્ણ રીતે બનાવટી છે અને તપાસ બાદ સત્ય સામે આવી જશે. જ્યારે ચારેય શંકરાચાર્ય બેસેશે ત્યારે વાત કરીશું. હજુ તો અમારા ઉપર આરોપ લગાવાયા છે. અમે તેના પુરાવા કોર્ટમાં રજૂ કરી ચૂક્યા છીએ. દૂધનું દૂધ અને પાણીનું પાણી થવું જોઈએ. બે મહિનામાં અથવા જલદીથી કોર્ટ આનો ચુકાદો સંભળાવશે. તેના પર ઝડપી ટ્રાયલ થવી જોઈએ. જે એક્ટ મારા પર લગાવાયા છે, તે એક્ટમાં એ નિયમ છે કે ન તો બાળકોની ઓળખ જાહેર કરવામાં આવે અને ન તો કોઈ બીજાની ઓળખને સામે લાવવામાં આવે. તેમ છતાં એવું કરાઈ રહ્યું છે. માત્ર મને બદનામ કરવા માટે આવું કરાઈ રહ્યું છે. જનતા બધું સમજી રહી છે અને જોઈ રહી છે. ગૌ માતાને પ્રતિષ્ઠા આપવી પડશે. તેમણે વધુમાં કહ્યું હતું કે, અમારા પર જેટલા પણ આરોપ લગાવવામાં આવે, પરંતુ અમે અટકીશું નહીં. ખોટા આરોપો લગાવવા છતાં અમારું મનોબળ વધતું રહેશે. દૂષિત માનસિકતાને લઈને માત્ર મને આરોપો લગાવીને ફસાવવામાં આવી રહ્યો છે.

**શનિવારે કોર્ટના આદેશ બાદ સ્વામી અવિમુક્તેશ્વરાનંદનું નિવેદન પણ સામે આવ્યું હતું, તેમણે કહ્યું હતું કે, જે વ્યક્તિએ આરોપ લગાવ્યા છે તે ખુદ હિસ્ટ્રીશીટર છે અમારી વિરૂદ્ધ દાખલ કરાયેલી ફરિયાદ સંપૂર્ણ રીતે બનાવટી છે અને તપાસ બાદ સત્ય સામે આવી જશે**

સ્વામી અવિમુક્તેશ્વરાનંદે કહ્યું કે, માતાની પ્રતિષ્ઠાનો અવાજ ઉઠાવવાનું આ નુકસાન મારે ભોગવવું પડી રહ્યું છે. મારા પર એવા આરોપ લગાવાયા છે, જેની સર્વ સમાજમાં કોઈ કલ્પના પણ ન કરી શકે, પરંતુ હું ડરવાનો નથી, કારણ કે સત્યને આંચ પણ નહીં.

# ભારતમાં ૪ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશની ફાઈનલ મતદાર યાદી જાહેર

**આ અપડેટમાં મતદાતાઓની સંખ્યા વધેલી છે અને નવા નામોનો સમાવેશ કરવામાં આવ્યો છે: આગામી ચૂંટણીઓ માટે મહત્વપૂર્ણ બની રહી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૨૨:** આ સૂચિ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પછી પ્રકાશિત કરવામાં આવી છે અને આગામી ચૂંટણીઓ માટે મહત્વપૂર્ણ બની રહી છે. આ અપડેટમાં મતદાતાઓની સંખ્યા વધેલી છે અને નવા નામોનો




સમાવેશ કરવામાં આવ્યો છે, જે નોંધનીય છે.

**રાજસ્થાન:** રાજસ્થાનમાં કુલ ૫.૧૫ કરોડ મતદારો છે. જેમાં પુરુષ મતદાતાઓની સંખ્યા ૨,૬૯,૫૭,૮૮૧ છે, જ્યારે મહિલા મતદાતાઓની સંખ્યા ૨,૪૫,૬૧,૪૮૬ છે. ઉપરાંત રાજ્યમાં ૫૬૨ ટ્રાન્સજેન્ડર મતદારો દાખલ થયા છે. આ ફાઈનલ સૂચિ રાજ્યમાં મતદાર પંજિકરણ અને આગામી ચૂંટણી માટે આધારભૂત દસ્તાવેજ તરીકે કામ કરશે.

**છત્તીસગઢ:** છત્તીસગઢમાં કુલ ૧,૮૭,૩૦,૯૧૪ મતદારો છે. ગયા વર્ષે કરતા આ વખતે ૨,૩૪,૯૯૪ મતદાતાઓની વધારો નોંધાયો છે. આ વધારો રાજ્યમાં વસ્તી અને નવા પંજિકરણ પ્રક્રિયાનો સંકેત આપે છે. છત્તીસગઢની ફાઈનલ સૂચિ તમામ યોગ્ય મતદારોને સુનિશ્ચિત કરશે કે તેઓ આગામી ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે.

**ગોવા:** ગોવામાં કુલ ૧૧,૮૫,૦૩૪ મતદારો છે. જેમાં પુરુષ મતદારો ૫,૭૩,૮૫૩ છે, જ્યારે મહિલા મતદારો ૬,૧૧,૧૬૮ છે. રાજ્યમાં ૧૩ ટ્રાન્સજેન્ડર મતદારોનો સમાવેશ થયો છે. ગોવાની ફાઈનલ સૂચિ સુનિશ્ચિત કરશે કે દરેક પંજિકૃત મતદારે પોતાના હકનો ઉપયોગ કરી શકે અને ચૂંટણી પ્રક્રિયા પારદર્શક બની રહે.

**અન્ડમાન અને નિકોબાર દ્વીપસમૂહ:** અન્ડમાન અને નિકોબાર દ્વીપસમૂહની પણ ફાઈનલ મતદાર સૂચિ જાહેર કરવામાં આવી છે. આ સૂચિ ત્યાંના તમામ યોગ્ય મતદારોને પંજિકૃત કરવા અને તેમના મતાધિકાર સુનિશ્ચિત કરવા મદદરૂપ થશે. અન્ડમાનમાં કુલ ૨,૪૬,૩૯૦ મતદારો છે જેમા પુરુષ મતદારો: ૧,૨૪,૯૧૧. મહિલા મતદારો: ૧,૨૧,૪૭૬ અને ટ્રાન્સજેન્ડર મતદારો: ૦૩નો સમાવેશ થાય છે. આ રીતે ફાઈનલ મતદાર સૂચિ માત્ર ચૂંટણી પ્રક્રિયાને સરળ બનાવતી નથી, પરંતુ દરેક યોગ્ય નાગરિકને લોકશાહી અધિકારનો ઉપયોગ કરવાનો અવસર પણ પ્રદાન કરે છે. આગામી ચૂંટણીઓમાં તમામ મતદારો પોતાની જવાબદારીનું પાલન કરી લોકશાહી મજબૂત કરવામાં યોગદાન આપી શકે છે.

# કર્ણાટકમાં, ભાજપના ધારાસભ્ય ચંદ્રુ લામાનીને ૫ લાખ રૂપિયાની લાંચ લેતા રંગે હાથે ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કર્ણાટક,તા.૨૨**

કર્ણાટકમાં, ભાજપના ધારાસભ્ય ચંદ્રુ લામાનીને રૂપિયા ૫ લાખની લાંચ લેતા રંગે હાથે ધરપકડ કરવામાં આવી છે. કર્ણાટક લોકાયુક્ત માટે ઔપચારિક રીતે એક ટીમ બનાવી હતી. છટકું ગોઠવવામાં આવ્યું હતું અને ધારાસભ્યની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ ધારાસભ્યની પૂછપરછ કરવામાં આવી હતી. આરોપો સાબિત થયા પછી, તેમની અનુસાર, ગડગ જિલ્લામાં નાના સિંચાઈ વિભાગના પ્રોજેક્ટને લગતી ફાઈલ મંજૂર કરવા માટે ધારાસભ્ય ચંદ્રુ લામાનીએ લાંચ માંગી હતી. આ કામ રસ્તાની બંને બાજુ રિટેનિંગ વોલ બનાવવાનું હતું. લોકાયુક્તમાં



**લોકાયુક્તે ભાજપના ધારાસભ્યને પકડવા માટે ઔપચારિક રીતે એક ટીમ બનાવી હતી છટકું ગોઠવવામાં આવ્યું હતું અને ધારાસભ્યની ધરપકડ કરવામાં આવી**

દ્વારા ધારાસભ્યની ધરપકડ કરવામાં આવી હતી. ભાજપના ધારાસભ્ય સાથે, તેમના પીએ અને પીએસની પણ અટકાયત કરવામાં આવી છે. બંનેની પૂછપરછ કરવામાં આવી રહી છે. ધારાસભ્ય લાંચ લેતા પકડાવા અંગેના મળતા અહેવાલો અનુસાર, લોકાયુક્તે ભાજપના ધારાસભ્યને પકડવા ઔપચારિક રીતે ધરપકડ કરવામાં આવી હતી. આ કેસના સંદર્ભમાં ધારાસભ્યના બે અંગત સહાયકોની પણ અટકાયત કરવામાં આવી છે. પીએ અને પીએસની પૂછપરછ કર્યા પછી આગળની વધુ કાર્યવાહી કરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે. લોકાયુક્ત અધિકારીઓના જણાવ્યા દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં જણાવાયું છે કે ગડગના વર્ગ-૧ કોન્ટ્રાક્ટર વિજય પૂજારે પ્રોજેક્ટની મંજૂરી મેળવવા માટે ૧૧ લાખ રૂપિયાની લાંચ માંગી હતી, ત્યારબાદ તેણે ભ્રષ્ટાચાર વિરોધી અધિકારીઓનો સંપર્ક કર્યો હતો. ફરિયાદ બાદ, લોકાયુક્ત પોલીસે, ગઈકાલ શનિવારે છટકું ગોઠવ્યું. ભાજપના ધારાસભ્યએ ફરિયાદની પુષ્ટિ કર્યા પછી, લોકાયુક્ત પોલીસે શનિવારે છટકું ગોઠવ્યું. લમાનીને ૫ લાખ રૂપિયા સ્વીકારતા પકડવામાં આવ્યા, જે કથિત માંગનો એક ભાગ છે. વરિષ્ઠ અધિકારીઓની દેખરેખ હેઠળ લોકાયુક્ત પોલીસ ટીમ દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ, પોલીસે ધારાસભ્યના પીએ અને પીએસને પણ પૂછપરછ માટે અટકાયતમાં લીધા હતા. લોકાયુક્ત અધિકારી કહે છે કે ધારાસભ્યએ અત્યાર સુધીમાં કેટલી લાંચ લીધી છે તે શોધવામાં આવી રહ્યું છે.

# ટેકનોલોજીથી ઘણાં ફાયદા પણ તે દરેક વ્યક્તિ સુધી પહોંચે તે જરૂરી : સુંદર પિચાઈ

**ગૂગલે ૧૦ કરોડથી વધુને ડિજિટલ તાલીમ આપી: બે દાયકા પહેલા યુટયુબનું નામ પણ સાંભળ્યું ન હતું, આજે લાખો યુટયુબર અસ્તિત્વ ધરાવે છે: પિચાઈ**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વૉશિંગ્ટન, તા.૨૨**

ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ જણાવ્યું હતું કે ડિજિટલ ડિવાઈડ એઆઈ ડિવાઈડ ન બને તે જોવું જરુરી છે. ટેકનોલોજીના લાભ તળિયાના લોકો સુધી પહોંચે તે જરુરી છે. તેથી વર્તમાન ડિજિટલ ડિવાઈડનું એઆઈ ડિવાઈડમાં રૂપાંતર ન થવા દેવાની જવાબદારી શાસકોની, યુનિવર્સિટીઓની, કંપનીઓની અને શૈક્ષણિક સંસ્થાઓની છે. તેમણે જણાવ્યું હતું કે એઆઈ પ્લેટફોર્મ્સ આપણા જીવનમાં મળેલી મહામૂલી તક છે. તેના કારણે માનવ જાતની પ્રગતિ હાઈપર સ્કેલ પર થશે. અત્યાર સુધી જે પ્રગતિ થઈ છે તેને પણ ભૂલાવી દે તેવી પ્રગતિ એઆઈના કારણે જોવા મળશે. એઆઈની વૃદ્ધિ જાણે માનવ વૃદ્ધિની ગાથાને ફાઈવજીની સ્પીડમાં રૂપાંતરિત કરશે અને તેના કારણે સંખ્યાબંધ સંશોધનો થશે. તેથી વિકસતા અર્થતંત્રો વૃદ્ધિનો મહાકાય કૂદકો લગાવી શકે છે. પરંતુ આ માટે દરેકને ઉપયોગી હોય તેવું એઆઈ બનાવવું જોઈએ. તેનો લાભ દરેકને મળવો જોઈએ. ડિજિટલ ડિવાઈડની સ્થિતિનું અહીં એઆઈ ડિવાઈડમાં પુનરાવર્તન ન થવું જોઈએ. આપણે એઆઈનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરીશું તો ધાર્યા ન હોય તેવા પરિણામો સામે આવશે.

એઆઈ ટેકનોલોજી અકલ્પનીય ફાયદા લઈને આવી છે. એઆઈ અણમોલ તક છે. તે માનવ વિકાસના અનેક નવા દરવાજા ખોલવા અને અનેક નવા સંશોધકોની જનક બનવા સક્ષમ છે. કોમ્પ્યુટર જેમ વિકાસનો નવો યુગ લાવ્યા અને તેના પછી ઈન્ટરનેટ આવ્યું, હવે તેવું જ એઆઈનું છે. તેમણે ટેકનોલોજી કેવો ફેરફાર લાવે છે તેના પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે આજથી બે દાયકા પહેલાં કોઈએ યુ ટયુબનું નામ પણ સાંભળ્યું ન હતુ. આજે લાખો લોકો યુટયુબર બને છે અને પોતાના જ આગવા કન્ટેન્ટથી કમાણી કરે છે. તેઓ કોઈને આધીન નથી.

એઆઈ હવે આવી આગવી રચનાત્મકતા ધરાવતા લોકોની સંખ્યા કરોડોમાં પહોંચાડી શકે છે. તેમણે જણાવ્યું હતું કે આગામી દિવસોમાં એઆઈ પાવર્ડ તબીબી નિદાન વધુ ઝડપથી રોગની સારવાર શરુ કરાવી શકે છે અને તેનાથી મૃત્યુદર ઘટે છે. આ જ રીતે એઆઈ આધારિત ચોમાસાની આગાહી કરોડો ખેડૂતો પર અસર પાડી શકે છે. આ એઆઈની વ્યાપક ક્ષમતા બતાવે છે. તેમણે કમ્પ્યુટ ઈન્ફ્રાસ્ટ્રકચર અને ગ્લોબલ કનેક્ટિવિટી વિકસાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ગૂગલ ૧૦ કરોડથી વધુ લોકોને ડિજિટલી સ્કિલ્ડ કરી ચૂક્યું છે.



**કોમ્પ્યુટર જેમ વિકાસનો નવો યુગ લાવ્યા અને તેના પછી ઈન્ટરનેટ આવ્યું, હવે તેવું જ એઆઈનું છે**

# સ્પોર્ટ્સ ન્યૂઝ

## સુપર-૮ મેચમાં ઈંગ્લેન્ડનો ભવ્ય વિજય, શ્રીલંકાએ નોંધાવ્યો શરમજનક રેકોર્ડ

### ઈંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરી ૧૪૬ રન નોંધાવ્યા હતા, જેની સામે શ્રીલંકાની ટીમ માત્ર ૯૫ રનમાં ઓલઆઉટ થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલંબો, તા. ૨૨:** T20 વર્લ્ડકપ-૨૦૨૬ની સુપર-૮માં ઈંગ્લેન્ડે શ્રીલંકાને ૫૧ રન પરાજય આપ્યો છે. આ સાથે શ્રીલંકાએ આ વર્લ્ડકપમાં શરમજનક રેકોર્ડ નોંધાવ્યો છે. ઈંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરી ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૪૬ રન નોંધાવ્યા હતા, જેની સામે શ્રીલંકાની ટીમ માત્ર ૯૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે.




ઈંગ્લેન્ડની આ બેટિંગ ઈનિંગ્સમાં ફિલ સોલ્ટે સૌથી વધુ ૪૦ બોલમાં ૬ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૬૨ રન બનાવ્યા હતા. જોસ બટલરે ૧૪ બોલમાં ૭ રન કર્યા હતા અને જેકબ બેથેલે ૪ બોલમાં ૩ રન નોંધાવ્યા હતા. ટોમ બેન્ટને ૭ બોલમાં ૬ રન બનાવ્યા જ્યારે કેપ્ટન હેરી બ્રૂકે ૭ બોલમાં ૧ ચોગ્ગા સાથે ૧૪ રનનું યોગદાન આપ્યું હતું. સેમ કરને ૧૧ બોલમાં ૧ છગ્ગા સાથે ૧૧ રન અને વિલ જેક્સે ૧૪ બોલમાં ૪ ચોગ્ગાની મદદથી ૨૧ રન બનાવ્યા હતા. લિયામ ડોસને ૧૧ બોલમાં ૬ રન કર્યા હતા જ્યારે જેમી ઓવરટને ૧૦ બોલમાં ૧ છગ્ગા સાથે અણનમ ૧૦ રન બનાવ્યા હતા. આ સિવાય જોફ્રા આર્ચર શૂન્ય રને આઉટ થયો હતો અને આદિલ રશીદે ૧ બોલમાં અણનમ ૧ રન કર્યો હતો.

આ મેચમાં શ્રીલંકા તરફથી પાંચ મુખ્ય બોલરોએ બોલિંગ કરી હતી. દિલશાન મદુશંકાએ ૪ ઓવરમાં ૨૫ રન આપીને ૨ વિકેટ ઝડપી હતી. દુનિથ વેલાલેગે સૌથી સફળ બોલર રહ્યો હતો, જેણે ૪ ઓવરમાં ૨૬ રન આપીને સૌથી વધુ ૩ વિકેટ મેળવી હતી. મહીશ થીક્ષણાએ પણ શિસ્તબદ્ધ બોલિંગ કરતા ૪ ઓવરમાં માત્ર ૨૧ રન ખર્ચ્યા હતા અને ૨ વિકેટ પોતાના નામે કરી હતી. દુષ્મંત ચમીરાને ૪ ઓવરમાં ૩૪ રન આપીને ૧ વિકેટ મળી હતી. રન આપવાની દ્રષ્ટિએ જોવામાં આવે તો દુશન હેમંથા સૌથી મોંઘો સાબિત થયો હતો, જેણે પોતાની ૪ ઓવરમાં સૌથી વધુ ૩૮ રન આપ્યા હતા અને તેને એક પણ વિકેટ મળી ન હતી.

શ્રીલંકાની ટીમ આ મેચમાં ૧૬.૪ ઓવરમાં ૯૫ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓપનિંગ બેટર પાથુમ નિસાક્કાએ ૮ બોલમાં ૨ ચોગ્ગા સાથે ૯ રન બનાવ્યા હતા, જ્યારે તેની સાથે આવેલ કામિલ મિશારાએ ૨૩ મિનિટ ક્રિઝ પર વિતાવીને ૧૧ બોલમાં ૧ ચોગ્ગાની મદદથી ૬ રન નોંધાવ્યા હતા. કુસલ મેન્ડિસે ૪ બોલમાં ૪ રન કર્યા હતા જેમાં ૧ ચોગ્ગાનો સમાવેશ થાય છે.

## IPLમાં ધોની રમશે, ચેન્નાઈ સુપર કિંગ્સના CEOએ કરી પુષ્ટિ

### ટીમ મેનેજમેન્ટ તરફથી હવે સત્તાવાર રીતે કહેવાયું છે કે ધોની આ આઈપીએલ સિઝનમાં રમતો દેખાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૨:** ભારતીય ક્રિકેટના દિગ્ગજ અને IPLમાં ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK)ના અનુભવી ખેલાડી મહેન્દ્રસિંહ ધોની ચાલુ વર્ષ ૨૦૨૬ની IPLરમશે, જેની સત્તાવાર પુષ્ટિ CSKના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર કાશી વિશ્વનાથને કરી છે. ઉલ્લેખનીય છે કે, લાંબા સમયથી અટકળો હતી કે IPL 2026ની સિઝનમાં મહેન્દ્રસિંહ ધોની નહીં રમે, પરંતુ ટીમ મેનેજમેન્ટ તરફથી હવે સત્તાવાર રીતે કહેવાયું છે કે ધોની આ IPL સિઝનમાં રમતો દેખાશે. જેથી તેના કરોડો ચાહકોમાં ખુશી લહેર દોડી ગઈ છે.



છેલ્લી IPL સિઝનમાં મહેન્દ્ર સિંહ ધોનીએ ફરી એકવાર CSKનું નેતૃત્વ સંભાળ્યું હતું. ઈજાને કારણે નિયુક્ત કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ ટુર્નામેન્ટની વચ્ચેથી બહાર થઈ ગયા હતા, જેના પગલે ધોનીને કેપ્ટનશીપ સોંપવામાં આવી હતી. જો કે, છેલ્લી સિઝન CSK માટે નિરાશાજનક રહી હતી. ટીમે ૧૪માંથી ફક્ત ચાર મેચ જીતી હતી અને IPL ઈતિહાસમાં પ્રથમ વખત પોઈન્ટ ટેબલમાં સૌથી નીચે રહી હતી. મહેન્દ્ર સિંહ ધોની અને CSK એકબીજાના પર્યાય બની ગયા છે. તે વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭ સિવાય દરેક સિઝનમાં ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રમ્યા છે. વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭માં તેમણે રાઈઝિંગ પૂણે સુપર જાયન્ટ્સનું નેતૃત્વ કર્યું હતું. પૂર્વ ભારતીય કેપ્ટને IPLમાં અત્યાર સુધીમાં ૨૭૮ મેચ રમી છે અને ૫,૪૩૯ રન બનાવ્યા છે. વર્ષ ૨૦૨૬ની સિઝન માટે પણ ધોનીની હાજરી CSKના ચાહકો માટે એક મોટો ઉત્સાહનો સ્ત્રોત બની રહેશે.

પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની પહેલી સિઝનથી જ IPLનો હિસ્સો છે. ધોનીનો ચાહક વર્ગ પણ ખૂબ મોટો છે. ધોનીની કેપ્ટનશિપ હેઠળ CSK પાંચ વખત IPLનું ટાઈટલ જીતી ચૂકી છે. જો કે ૨૦૨૩ પછી ચેન્નાઈની ટીમ IPLમાં ચેમ્પિયન બની શકી નથી ત્યારે આ વખતે ધોનીની નજર CSKને છઠ્ઠી વખત ચેમ્પિયન બનાવવા પર હશે, ટીમનું નેતૃત્વ યુવા ખેલાડી ઋતુરાજ ગાયકવાડના હાથમાં રહેશે.

### લશ્કરના બાંગ્લાદેશી મોડ્યુલ પર મોટો ખુલાસો

## હાફિઝ સઈદના સંપર્કમાં હતો હેન્ડલર શબ્બીર શાહ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૨**

દેશની રાજધાની દિલ્હી સ્પેશિયલ સેલે પાકિસ્તાની આતંકી સંગઠન લશ્કર એ તૈયબા સાથે જોડાયેલા મોડ્યુલને લઈને મોટો ખુલાસો કર્યો છે. આઠ શંકાસ્પદ આતંકીઓની ધરપકડ બાદ તપાસમાં સામે આવ્યું છે કે બાંગ્લાદેશમાં હાજર આ મોડ્યુલનો હેન્ડલર શબ્બીર શાહ લશ્કરના ટોપ નેતૃત્વ સાથે સીધા સંપર્કમાં હતો. જે આતંકીઓને પડકવામાં આવ્યા છે તેમની પાસેથી એક ડઝન કરતાં વધુ મોબાઈલ ફોન અને ૧૬ સીમકાર્ડ જપ્ત કરવામાં આવ્યા છે. ભારતીય સુરક્ષા એજન્સીઓએ દેશમાં ફેલાયેલા આતંકવાદી નેટવર્ક પર મોટો પ્રહાર કરતા કુલ ૮ આતંકીઓની ધરપકડ કરી છે. ૬ આતંકવાદીઓની તમિલનાડુથી અને ૨ શંકાસ્પદોની પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતાથી ધરપકડ કરવામાં આવી છે. આ ઓપરેશન બાદ ભારત વિરુદ્ધ રચાઈ રહેલા મોટા કાવતરાના અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. તપાસમાં સામે આવ્યું છે કે, શબ્બીર અહેમદ લોન (જે શબ્બીર શાહ તરીકે પણ ઓળખાય છે), વર્ષ ૨૦૦૭થી લશ્કર-એ-તૈયબાના ચીફ હાફિઝ સઈદ અને ૨૬/૧૧ મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ ઝકી-ઉર-રહેમાન લખવી સાથે સતત સીધા સંપર્કમાં હતો. ૨૦૦૭માં જ્યારે દિલ્હીમાં તેની ધરપકડ થઈ હતી, ત્યારે તેની પાસેથી મળેલા પુરાવાઓથી સાબિત થયું હતું કે તે પાકિસ્તાની આતંકી સંગઠનોના આકાઓ સાથે સીધી વાતચીત કરતો હતો. તેમ છતાં વર્ષ ૨૦૧૭માં જેલમાંથી મુક્ત થયા બાદ તે ભારત છોડીને ભાગી ગયો હતો. સ્પેશિયલ સેલે એ પણ ખુલાસો કર્યો છે કે, પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI ભારતમાં આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપવા માટે ખતરનાક પ્લાન બનાવી રહી છે. ISI ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશી નાગરિકોની ભરતી કરી રહ્યું છે. તે ભારતમાં ફરી આતંકવાદી હુમલા માટે મજબૂત નેટવર્ક ઊભું કરવા માંગે છે, જેના માટે મોટા પાયે ફંડિંગ પણ પૂરું પાડવામાં આવી રહ્યું છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા આઠ શંકાસ્પદમાંથી છ વ્યક્તિઓને તમિલનાડુના તિરુપુર જિલ્લાની વિવિધ ગારમેન્ટ ફેક્ટરીઓમાંથી ઝડપી લેવામાં આવ્યા છે. પકડાયેલા શંકાસ્પદોની ઓળખ મિઝાનુર રહેમાન, મોહમ્મદ શબાત, ઉમર, મોહમ્મદ લિટન, મોહમ્મદ શાહિદ અને મોહમ્મદ ઉજ્જવલ તરીકે થઈ છે. આ ઉપરાંત અન્ય બે શંકાસ્પદોની પશ્ચિમ બંગાળમાંથી ધરપકડ કરવામાં આવી છે.

### મન કી બાતનો ૧૩૧મો એપિસોડ બ્રોડકાસ્ટ થયો

# AIથી બદલાઈ રહ્યું છે ભારતનું ભવિષ્ય : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

### આવનારા સમયમાં વિશ્વ AIની શક્તિનો ઉપયોગ કેવી રીતે કરશે તે દિશામાં આ સમિટ એક ટર્નિંગ પોઇન્ટ સાબિત થઈ છે : વડાપ્રધાન મોદી



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૨**

આજે રવિવારે (૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ મન કી બાતનો ૧૩૧મો એપિસોડ બ્રોડકાસ્ટ થયો. આ કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે મન કી બાત એ દેશ અને દેશવાસીઓની સિદ્ધિઓને સામે લાવવાનું એક મજબૂત પ્લેટફોર્મ છે. તેમણે તાજેતરમાં દિલ્હીમાં યોજાયેલી Global AI Impact Summitનો ઉલ્લેખ કરીને કહ્યું કે, આ સમિટમાં દેશે એક અદ્ભુત ઉપલબ્ધિ હાંસલ કરી છે.

મન કી બાતમાં પીએમ મોદીએ કહ્યું કે, આ Global AI Impact Summitમાં વિવિધ દેશોના નેતાઓ, ઉદ્યોગ જગતના લીડર્સ, ઈનોવેટર્સ અને સ્ટાર્ટ-અપ સેક્ટરના લોકો ભારત મંડપમમાં એકઠા થયા હતા. આવનારા સમયમાં વિશ્વ AIની શક્તિનો ઉપયોગ કેવી રીતે કરશે તે દિશામાં આ સમિટ એક ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, સમિટમાં મને વિશ્વના લીડર્સ અને ટેક CEOs સાથે મુલાકાતનો મોકો મળ્યો. AI સમિટ એક્ઝિબિશનમાં મેં વિશ્વના નેતાઓને ઘણી બાબતો બતાવી. આ સમિટમાં બતાવવામાં આવ્યું કે AI કેવી રીતે પશુઓના ઈલાજમાં મદદ કરી રહ્યું છે અને કેવી રીતે ખેડૂતો 24x7 AI અસિસ્ટન્સની મદદથી પોતાની ડેરી અને પશુઓ પર નજર રાખી રહ્યા છે. વડાપ્રધાન મોદીએ આ સમિટને ભારતની AI ક્ષમતાનું પ્રદર્શન ગણાવ્યું અને કહ્યું કે તે વિશ્વને આશ્ચર્યચકિત કરી દેનારી ભારતીય ઈનોવેશન્સનું ઉદાહરણ છે. તેમણે ખેડૂતો અને પશુપાલન ક્ષેત્રમાં AIના ઉપયોગને હાઈલાઈટ કરીને ભારતની સમાવેશી અને પરિવર્તનશીલ છૈં વિઝન પર ભાર મૂક્યો.

આ એપિસોડમાં PM મોદીએ અમ્મા જયલલિતાને પણ યાદ કર્યા. તેમણે કહ્યું કે, દેશમાં જેમણે સમાજની ભલાઈ માટે કામ કર્યું છે અને જનતાને પ્રાથમિકતા આપી છે, તેઓ હંમેશા લોકોના દિલમાં રહે છે. અમ્મા જયલલિતા એવા જ એક લોકપ્રિય લીડર હતા. ૨૪ ફેબ્રુઆરીએ તેમની જન્મજયંતિ છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું, હું આજે પણ તમિલનાડુના લોકોના મનમાં તેમના માટે જે ઊંડો લગાવ છે તે અનુભવું છું. જ્યારે હું રાજ્યમાં જાઉં છું ત્યારે અમ્મા જયલલિતાનું નામ લેતાં જ લોકોના ચહેરા પર ચમક આવી જાય છે. તેઓ મારા ગુજરાતમાં શપથ ગ્રહણ સમારોહમાં પણ આવ્યા હતા. તેમની વિચારસરણી ખૂબ જ સ્પષ્ટ હતી.

બોર્ડના પરીક્ષાર્થીઓને વડાપ્રધાન મોદીએ કહ્યું કે, હું આશા રાખું છું કે તમે આ મહિનાની શરૂઆતમાં પરીક્ષા પે ચર્ચા જોઈ હશે અને તેમાંથી કંઈક શીખ્યા પણ હશો. તમે બધા પરીક્ષા વોરિયર્સ છો. મને પૂરો વિશ્વાસ છે કે તમે સૌ પૂરા મનથી તમારી પરીક્ષાની તૈયારી કરી રહ્યા હશો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડિજિટલ અરેસ્ટ અને ઓનલાઈન ફ્રોડના વધતા કેસો અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, જાગૃતિ વધી રહી છે તેમ છતાં લોકો હજુ પણ છેતરપિંડીનો ભોગ બની રહ્યા છે. તેમણે નાગરિકોને અપીલ કરી છે કે કોઈપણ અજાણ્યા કોલ, લિંક કે સરકારી અધિકારી બનીને ડરાવનારા લોકોથી સાવધાન રહેવું.

### ભારતમાં મોટા હુમલાનું કાવતરું નિષ્ફળ

## બે રાજ્યોમાંથી ૮ શંકાસ્પદ આતંકીઓ ઝડપાયા



**સુરક્ષા એજન્સીઓએ તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં સંયુક્ત ઓપરેશન ચલાવીને આ સફળતા મેળવી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તમિલનાડ,તા.૨૨**

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે એક મોટા આંતરરાજ્ય આતંકી મોડ્યુલનો પર્દાફાશ કરીને આઠ શંકાસ્પદ આતંકીઓની ધરપકડ કરી છે. અધિકારીઓએ આપેલી માહિતી મુજબ, આ આતંકી નેટવર્કના તાર પાકિસ્તાની ઈન્ટેલિજન્સ એજન્સી ISI અને બાંગ્લાદેશ સ્થિત કટ્ટરપંથી સંગઠનો સાથે જોડાયેલા છે. સુરક્ષા એજન્સીઓએ તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં સંયુક્ત ઓપરેશન ચલાવીને આ સફળતા મેળવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા આઠ શંકાસ્પદમાંથી છ વ્યક્તિઓને તમિલનાડુના તિરુપુર જિલ્લાની વિવિધ ગારમેન્ટ ફેક્ટરીઓમાંથી ઝડપી લેવામાં આવ્યા છે. પકડાયેલા શંકાસ્પદોની ઓળખ મિઝાનુર રહેમાન, મોહમ્મદ શબાત, ઉમર, મોહમ્મદ લિટન, મોહમ્મદ શાહિદ અને મોહમ્મદ ઉજ્જવલ તરીકે થઈ છે. આ ઉપરાંત અન્ય બે શંકાસ્પદોની પશ્ચિમ બંગાળમાંથી ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલા કેટલાક શંકાસ્પદોમાં એક બાંગ્લાદેશી નાગરિકનો પણ સમાવેશ થાય છે, જેઓ પોતાની ઓળખ છુપાવવા માટે નકલી આધારકાર્ડનો ઉપયોગ કરી રહ્યા હતા.

આ મોટા આતંકી નેટવર્કનો ખુલાસો દિલ્હીના વિવિધ વિસ્તારો અને ખાસ કરીને દિલ્હી મેટ્રો નેટવર્કમાં જોવા મળેલા ભડકાઉ પોસ્ટરોને કારણે થયો છે. આ પોસ્ટરોમાં કાશ્મીરને લગતી વાંધાજનક સામગ્રી અને ભડકાઉ વાતો લખવામાં આવી હતી. સ્પેશિયલ સેલે જ્યારે આ પોસ્ટરો ક્યાંથી આવ્યા તેની કડીઓ મેળવવાનું શરૂ કર્યું, ત્યારે તપાસ તમિલનાડુમાં સક્રિય આ નેટવર્ક સુધી પહોંચી હતી.

તપાસ અધિકારીઓના મતે, આ શંકાસ્પદો તેમના વિદેશી આકાઓના ઈશારે ભારતમાં એક મોટા આતંકી હુમલાની યોજના બનાવી રહ્યા હતા. ઓપરેશન દરમિયાન પોલીસે ૮ મોબાઈલ ફોન અને ૧૬ સિમકાર્ડ જપ્ત કર્યા છે. આ ડિજિટલ સાધનોની ફોરેન્સિક તપાસ કરવામાં આવી રહી છે જેથી અન્ય સાથીદારો અને વિદેશી સંપર્કો વિશે વધુ પુરાવા મળી શકે.

હાલમાં તમામ શંકાસ્પદોને ટ્રાન્ઝિટ રિમાંડ પર દિલ્હી લાવવામાં આવી રહ્યા છે, જ્યાં તેમની સઘન પૂછપરછ કરવામાં આવશે. પોલીસે દાવો કર્યો છે કે સમયસર આ કાર્યવાહી કરીને એક મોટા આતંકી ષડ્યંત્રને નિષ્ફળ બનાવવામાં આવ્યો છે.

## કિશ્તવાડના ચતરુ જંગલમાં એન્કાઉન્ટર, જૈશના બે આતંકવાદી ઠાર કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**જમ્મુ,તા.૨૨**

જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લોમાં સુરક્ષા દળોને મહત્વપૂર્ણ સફળતા મળી છે. જિલ્લાના દૂરવર્તી અને કઠિન ભૂગોળ ધરાવતા ચતરુ જંગલ વિસ્તારમાં રવિવારે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ભારે એન્કાઉન્ટર થયું. આ કાર્યવાહીમાં પ્રતિબંધિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના બે આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આતંકવાદીઓની હાજરી અંગે મળેલી ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે ભારતીય સેના, જમ્મુ અને કાશ્મીર પોલીસ તથા CRPFની સંયુક્ત ટીમે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. ઓપરેશન દરમિયાન આતંકવાદીઓએ ગોળીબાર શરૂ કરતાં એન્કાઉન્ટર ભડકી ઊઠ્યું. લાંબા સમય સુધી ચાલેલા ગોળીબારમાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા.

સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે વિસ્તારને સંપૂર્ણ રીતે ઘેરી લેવામાં આવ્યો છે અને કોઈ અન્ય આતંકવાદી છુપાયેલો તો નથી ને, તે માટે સઘન સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે. એન્કાઉન્ટર બાદ વિસ્તારમાં વધુ દળો તૈનાત કરવામાં આવ્યા છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે ચતરુ જંગલ વિસ્તાર છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ગતિવિધિઓ માટે સંવેદનશીલ માનવામાં આવે છે. ગયા મહિને પણ આ જ વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અનેક વખત ગોળીબાર થયો હતો. તે સમયે એક બહાદુર સૈનિક શહીદ થયો હતો, જ્યારે એક આતંકવાદી માર્યો ગયો હતો. આ ઘટનાઓ બાદથી સુરક્ષા દળોએ વિસ્તારમાં પોતાની ચોકસાઈ અને પેટ્રોલિંગ વધારી હતી. વ્હાઈટ નાઈટ કોર્પ્સ દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું છે કે આ સંયુક્ત કાર્યવાહી આતંકવાદની કમર તોડવા માટે મહત્વપૂર્ણ છે. સૈનિકો અને સુરક્ષા કર્મીઓએ વિસ્તારને કાબૂમાં રાખ્યો છે અને સામાન્ય નાગરિકોની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

આ એન્કાઉન્ટરથી સ્પષ્ટ થાય છે કે સુરક્ષા દળો આતંકવાદ સામે કડક વલણ અપનાવી રહ્યા છે અને કિશ્તવાડ જેવા દુર્ગમ વિસ્તારોમાં પણ આતંકવાદીઓને કોઈ પણ રીતે છૂટ આપવામાં આવશે નહીં. આવનારા દિવસોમાં પણ આવા ઓપરેશનો ચાલુ રહેવાની શક્યતા છે.

## મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મેરઠથી કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઉત્તર પ્રદેશ,તા.૨૨**

ઉત્તર પ્રદેશમાં ૨૦૨૭માં યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા રાજકીય માહોલ ધીમે-ધીમે ગરમાવા લાગ્યો છે. રવિવારે એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મેરઠથી કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા, તો બીજી તરફ સપા પ્રમુખ અખિલેશ યાદવે લખનઉમાં પ્રેસ કોન્ફરન્સ યોજી હતી.

આ દરમિયાન તેમણે સીએમ યોગીની વિદેશ યાત્રા (સિંગાપોર અને જાપાન) પર કટાક્ષ કર્યો અને બંને ડેપ્યુટી સીએમનો ઉલ્લેખ કરતા કહ્યું કે, "સીએમ તો બહાર જઈ રહ્યા છે, પાછળથી અમે ઓફર આપીએ છીએ કે ૧૦૦ ધારાસભ્યો લઈને આવે અને યુપીના સીએમ બની જાય." આ ઓફર દોહરાવતા તેમણે કહ્યું કે, જે ૧૦૦ ધારાસભ્યો લાવશે તે સીએમ બનશે. તેમણે આ ઓફરની વેલિડિટી પણ જણાવી કે આ ઓફર માત્ર એક અઠવાડિયા માટે છે.

નોંધનીય છે કે, અખિલેશ યાદવે અગાઉ પણ આવી ખુલ્લી ઓફર આપી હતી. તેમણે કહ્યું હતું કે, જો કોઈ પોતાની સાથે ૧૦૦ ધારાસભ્યો તોડીને લાવશે, તો વિપક્ષ તેને સીએમ બનાવવામાં પૂરો સહયોગ અને સમર્થન આપશે. તેમણે બંને ડેપ્યુટી સીએમ વિશે કહ્યું કે, સીએમ બનવાની ઈચ્છા બંનેની છે. જે પણ ૧૦૦ ધારાસભ્યો લાવશે તે મુખ્યમંત્રી બનવાની તક મેળવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સીએમ યોગી આદિત્યનાથ રવિવારે સાંજે સિંગાપોર અને જાપાનના ચાર દિવસીય પ્રવાસે રવાના થઈ રહ્યા છે. આ યાત્રાનો ઉદ્દેશ્ય યુપીને ભારતનું મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાનો છે. યાત્રા દરમિયાન સીએમ યોગી વૈશ્વિક કંપનીઓને યુપીમાં રોકાણ માટે આમંત્રિત કરશે. પ્રેસ કોન્ફરન્સમાં અખિલેશ યાદવે અન્ય મુદ્દાઓ પર પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે, જેમ જેમ પીડા વધી રહી છે તેમ તેમ પીડીએ (PDA) પરિવાર પણ વધી રહ્યો છે. સીએમ યોગીની વિદેશ યાત્રા પર વધુ એક કટાક્ષ કરતા તેમણે કહ્યું કે, કોઈ ચાપલૂસ અધિકારીની સલાહ પર તેઓ ત્યાં જઈ રહ્યા છે. જાપાન જઈને તેમને અફસોસ થશે કે દસ વર્ષમાં તેમણે શું નથી કર્યું. સપા પ્રમુખે ભ્રષ્ટાચારનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

### ઓડિશા હાઈવે પર મોતનું તાંડવ

## ટ્રેલરે પોલીસ વાહનના ફુરચા ઉડાડ્યા, ૫ જવાન શહીદ, ૩ ગંભીર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઓડિશા,તા.૨૨**

ઓડિશાના ઝારસુગુડા જિલ્લામાં રવિવારે વહેલી સવારે એક કાળજું કંપાવી દેતી દુર્ઘટના સર્જાઈ છે. ફરજ પર તૈનાત પોલીસ જવાનોની ગાડીને એક પૂરઝડપે આવતા ટ્રેલરે અડફેટે લેતા ૫ જવાનોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે ૩ જવાનોની હાલત અત્યંત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.



ઓડિશાના ઝારસુગુડા જિલ્લામાં રવિવારે સવારે રક્ષકો જ માર્ગ અકસ્માતનો ભોગ બન્યા છે. ઝારસુગુડા સદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફરજ પર રહેલી પોલીસની બોલેરો ગાડીને સામેથી આવતા એક અનિયંત્રિત ટ્રેલરે જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે પોલીસ વાહનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને તેમાં સવાર પાંચ જવાનોએ ઘટનાસ્થળે જ અંતિમ શ્વાસ લીધા હતા.

પોલીસ વિભાગ દ્વારા મૃતક જવાનોના નામ જાહેર કરવામાં આવ્યા છે, જેમાં ટ્રીલ સબ-ઈન્સ્પેક્ટર નિરંજન કુજૂર, એપીઆર કર્મચારી કાશીરામ ભોઈ, દેબદત્ત સા, એપીઆર હવાલદાર લિંગરાજ ધુરુઆ અને હોમગાર્ડ ભક્તબંધુ મિર્ધાનો સમાવેશ થાય છે. આ સમાચાર વાયુવેગે પ્રસરતા સમગ્ર પોલીસ બેડામાં શોકનું મોજું ફરી વળ્યું છે.

દુર્ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરી કાટમાળમાં ફસાયેલા ત્રણ જવાનોને બહાર કાઢી ઝારસુગુડા જિલ્લા હોસ્પિટલ ખસેડ્યા હતા. આ ઘાયલ જવાનોમાં બે આર્મ્ડ પોલીસ રિઝર્વના સભ્યો અને એક સાર્જન્ટનો સમાવેશ થાય છે, જેમની હાલત નાજુક હોવાનું તબીબો જણાવી રહ્યા છે. પોલીસે ટ્રેલર ચાલકની અટકાયત કરી અકસ્માતનું કારણ ઊંઘનું ઝોકું હતું કે બેદરકારી તે દિશામાં તપાસ શરૂ કરી છે.

# ઈઝરાયલ અંગે અમેરિકન રાજદૂતના નિવેદનથી મધ્યપૂર્વમાં હોબાળો

**હવે અમેરિકન રાજદૂતના આ નિવેદનની સાઉદી અરેબિયા, ઈજિપ્ત, જોર્ડન અને આરબ લીગ દ્વારા સખત નિંદા કરવામાં આવી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૨**

ઈઝરાયલ અંગે અમેરિકન રાજદૂત માઈક હુકાબીના એક વિવાદાસ્પદ નિવેદનથી મધ્યપૂર્વ અને મુસ્લિમ દેશોમાં હોબાળો મચી ગયો છે. હુકાબીએ દાવો કર્યો છે કે, 'મધ્યપૂર્વના મોટાભાગના હિસ્સા પર ઈઝરાયલનો અધિકાર છે. તેમણે તો ત્યાં સુધી કહી દીધું કે જો ઈઝરાયલ આ વિસ્તાર પર કબજો કરી લે તો પણ ઠીક છે.' હવે અમેરિકન રાજદૂતના આ નિવેદનની સાઉદી અરેબિયા, ઈજિપ્ત, જોર્ડન અને આરબ લીગ દ્વારા સખત નિંદા કરવામાં આવી છે. આ નિવેદન તેમણે અમેરિકન રૂઢિચુસ્ત વિવેચક ટકર કાર્લસનને આપેલા ઈન્ટરવ્યુમાં આપ્યું હતું. ચર્ચા દરમિયાન કાર્લસને બાઈબલના સંદર્ભમાં પૂછ્યું હતું કે શું ઈઝરાયલનો એ પ્રદેશ પર અધિકાર છે, જે હાલમાં મધ્યપૂર્વના મોટા હિસ્સામાં ફેલાયેલો છે? તેના પર હુકાબીએ જવાબ આપ્યો કે, 'જો તેઓ (ઈઝરાયલ) બધું લઈ લે, તો પણ ઠીક રહેશે.' જોકે, તેમણે એ પણ ઉમેર્યું કે, 'ઈઝરાયલ હાલમાં વિસ્તાર વધારવાનો પ્રયાસ નથી કરી રહ્યું અને તેને પોતાની કાયદેસર સરહદોની અંદર સુરક્ષાનો અધિકાર છે.'

હુકાબીના આ નિવેદન પર સાઉદી અરેબિયા, ઈજિપ્ત, જોર્ડન, ઈસ્લામિક સહયોગ સંગઠન અને આરબ રાજ્યોની લીગએ સખત વાંધો વ્યક્ત કર્યો છે. સાઉદી અરેબિયાએ તેને "અત્યંત કટ્ટરપંથી" ગણાવ્યું, જ્યારે ઈજિપ્તે તેને આંતરરાષ્ટ્રીય કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવ્યું છે. આરબ લીગે કહ્યું કે, આવા નિવેદનો પ્રદેશમાં ધાર્મિક અને રાષ્ટ્રીય ભાવનાઓને ભડકાવે છે.

તમને જણાવી દઈએ કે, ૧૯૪૮માં સ્થાપના બાદથી ઈઝરાયલની સરહદો અનેક યુદ્ધો અને કરારોને કારણે બદલાતી રહી છે. ૧૯૬૭ના છ દિવસના યુદ્ધમાં ઈઝરાયલે વેસ્ટ બેંક, પૂર્વ જેરુસલેમ, ગાઝા, સિનાઈ દ્વીપકલ્પ અને ગોલાન હાઈટ્સ પર કબજો કરી લીધો હતો. બાદમાં ઈજિપ્ત સાથે શાંતિ કરાર હેઠળ તે સિનાઈથી હટી ગયું અને ૨૦૦૫માં ગાઝાથી એકતરફી વાપસી કરી.

હાલમાં ગાઝામાં હમાસ સાથે યુદ્ધ અને યુદ્ધવિરામની પૃષ્ઠભૂમિમાં ઈઝરાયલ અડધાથી વધુ પ્રદેશ પર નિયંત્રણ ધરાવે છે. વેસ્ટ બેંકમાં વસાહતો અંગે આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

બીજી તરફ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ કહ્યું છે કે, તેઓ વેસ્ટ બેંકના વિલયની મંજૂરી નહીં આપશે. પેલેસ્ટિનિયનો દાયકાઓથી વેસ્ટ બેંક અને ગાઝામાં પૂર્વ જેરુસલેમને રાજધાની બનાવીને એક સ્વતંત્ર રાજ્યની માગ કરી રહ્યા છે, જેને આંતરરાષ્ટ્રીય સમુદાયના મોટા હિસ્સાનું સમર્થન પ્રાપ્ત છે.

તમને જણાવી દઈએ કે, હુકાબીના આ નિવેદનમાં ઈઝરાયલના જે ભૂભાગ પર દાવાની વાત કરવામાં આવી છે, તેને 'ગ્રેટર ઈઝરાયેલ' તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે ટકર કાર્લસને આ સવાલ પૂછ્યો, ત્યારે તેમનો ઈશારો એ વિસ્તારો તરફ હતો જે અત્યારના ઈઝરાયલ ઉપરાંત પેલેસ્ટાઈન, જોર્ડન, લેબનોન, સીરિયા અને ઈજિપ્ત તેમજ ઈરાકના કેટલાક ભાગોને આવરી લે છે. આ એક અત્યંત વિવાદાસ્પદ અને સંવેદનશીલ વિષય છે, કારણ કે તે આજના મધ્ય પૂર્વના ભૌગોલિક અને રાજકીય નકશાને સીધી અસર કરે છે.

બાઈબલના સંદર્ભમાં એવો ઉલ્લેખ છે કે, ભગવાને અબ્રાહમ અને તેમના વંશજોને 'ઈજિપ્તની નદી' (નાઈલ)થી લઈને 'યુફ્રેટીસ નદી' (જે હાલના ઈરાકમાં છે) સુધીની જમીન આપવાનું વચન આપ્યું હતું.

# આ એરપોર્ટ ૧૯૯૪માં શરૂ થયું હતું

# જાપાનના એરપોર્ટનો વર્લ્ડ રેકોર્ડ, ૩૦ વર્ષમાં એક પણ બેગ નહીં ખોવાઈ

**જાપાન દુનિયાભરમાં તેની શિસ્ત, ટેક્નોલોજી અને કાર્યક્ષમ વ્યવસ્થાઓ માટે જાણીતું છે એ જ શિસ્તનું ઉત્તમ ઉદાહરણ છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૨**

વિમાનમાં મુસાફરી કરતી વખતે સૌથી મોટો ડર હોય છે — સામાન ખોવાઈ જવાનો. પરંતુ જાપાનનું એક એરપોર્ટ એવું છે જ્યાં છેલ્લા ૩૦ વર્ષમાં એક પણ બેગ ખોવાઈ નથી. જાપાન દુનિયાભરમાં તેની શિસ્ત, ટેક્નોલોજી અને કાર્યક્ષમ વ્યવસ્થાઓ માટે જાણીતું છે. એ જ શિસ્તનું ઉત્તમ ઉદાહરણ છે કાન્સાઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક. ઓસાકામાં આવેલું આ એરપોર્ટ ૧૯૯૪માં શરૂ થયું હતું અને ત્યારથી અત્યાર સુધીમાં એક પણ મુસાફરનો સામાન ખોવાયો નથી, જે ખરેખર આશ્ચર્યજનક અને ગૌરવપૂર્ણ સિદ્ધિ છે.

આ એરપોર્ટ દર વર્ષે અંદાજે ૨૮ મિલિયન (૨.૮ કરોડ) મુસાફરોને સેવા આપે છે અને લગભગ ૧૦ મિલિયન બેગ અને સામાનનું સંચાલન કરે છે. સામાન્ય રીતે દુનિયાના મોટા એરપોર્ટ્સ પર દરરોજ અનેક બેગ ખોવાઈ જતી હોય છે, મોડું પહોંચે છે અથવા ખોટી ફ્લાઈટમાં જતી રહે છે. પરંતુ કાન્સાઈ એરપોર્ટે આ સમસ્યાને પૂરેપૂરી રીતે નાબૂદ કરી છે.

કાન્સાઈ એરપોર્ટની સફળતાનું મુખ્ય કારણ છે તેની મલ્ટી-લેયર બેગેજ હેન્ડલિંગ સિસ્ટમ. આ સિસ્ટમ દરેક તબક્કે સામાન પર નજર રાખે છે. વિમાન ઉતરતાની સાથે જ, કાર્ગો હોલ્ડમાંથી ઉતારવામાં આવેલી બેગની સંખ્યા અને વિમાનમાં લોડ કરાયેલ બેગની યાદી સાથે સરખામણી કરવામાં આવે છે. જો ક્યાંય પણ નાની પણ ગડબડ જણાય, તો તરત જ તપાસ શરૂ કરવામાં આવે છે. બેગને અલગ-અલગ સેન્સર, સ્કેનર અને ઓટોમેટેડ કન્વેયર બેલ્ટ દ્વારા આગળ મોકલવામાં આવે છે. દરેક બેગનું ટ્રેકિંગ કરવામાં આવે છે, જેથી તે ખોટી જગ્યાએ ન પહોંચે. આ એરપોર્ટનો મુખ્ય લક્ષ્ય છે કે વિમાન ઉતર્યા પછી ૧૫ મિનિટની અંદર બધી બેગ બેગેજ ક્લેમ એરિયામાં પહોંચી જાય. આ માટે સ્ટાફને વિશેષ તાલીમ આપવામાં આવે છે અને ટેક્નોલોજી સાથે માનવીય દેખરેખનું સંતુલન રાખવામાં આવે છે. આ સિદ્ધિને કારણે કાન્સાઈ એરપોર્ટને દુનિયાના સૌથી વિશ્વસનીય એરપોર્ટ્સમાં ગણવામાં આવે છે. ઘણી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને અન્ય દેશોના એરપોર્ટ્સ અહીંની સિસ્ટમનો અભ્યાસ કરવા આવે છે. જ્યારે દુનિયાભરમાં મુસાફરો બેગ ખોવાઈ જવાની ફરિયાદ કરતા હોય છે, ત્યારે જાપાનનું આ એરપોર્ટ બતાવે છે કે યોગ્ય આયોજન, શિસ્ત અને ટેક્નોલોજીથી કોઈપણ મુશ્કેલીનો ઉકેલ શક્ય છે. આ કિસ્સો માત્ર એક એરપોર્ટની સફળતા નથી, પરંતુ સમગ્ર દુનિયા માટે એક શીખ છે કે કાર્યક્ષમતા અને જવાબદારી સાથે કામ કરવામાં આવે તો "ઝીરો ભૂલ" પણ શક્ય છે.

# ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ લઈને યોજાનારી બેઠક ટળી!

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૨**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા "રેસિપ્રોકલ ટેરિફ"ને અમેરિકી સુપ્રીમ કોર્ટે રદ કરી દીધા છે. આ નિર્ણયથી આંતરરાષ્ટ્રીય વેપાર જગતમાં અનિશ્ચિતતા વધી ગઈ છે. આ અસરને કારણે ભારત-અમેરિકા ટ્રેડ ડીલ પરની વાટાઘાટો મુલતવી રાખવામાં આવી છે. ભારતના મુખ્ય વાટાઘાટકાર દર્પણ જૈનનો અમેરિકા પ્રવાસ પણ મુલતવી રાખવામાં આવ્યો છે. તેઓ સોમવારે વોશિંગ્ટન પહોંચીને કાનૂની સમજૂતીને અંતિમ સ્વરૂપ આપવાના હતા.

વાણિજ્ય મંત્રાલયના સૂત્રો અનુસાર, બંને દેશોએ નક્કી કર્યું છે કે તાજેતરની ઘટનાઓ અને તેની અસરનું મૂલ્યાંકન કર્યા પછી જ વાટાઘાટકારોનો પ્રવાસ અને બેઠક નક્કી કરવામાં આવશે. બેઠકને પારસ્પરિક રીતે અનુકૂળ તારીખે ફરીથી આયોજિત કરવામાં આવશે. આ પ્રવાસ એવા સમયે મુલતવી રાખવામાં આવ્યો છે, જ્યારે અમેરિકી સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના "રેસિપ્રોકલ ટેરિફ"ને અમાન્ય જાહેર કર્યા પછી તેની આંતરરાષ્ટ્રીય વેપાર પરની સંભવિત અસરની સમીક્ષા ચાલી રહી છે.

શનિવારે કેન્દ્ર સરકારે અમેરિકી સુપ્રીમ કોર્ટના નિર્ણય પર પોતાની પ્રથમ પ્રતિક્રિયા આપી હતી. કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, શુક્રવારે આવેલા ટેરિફ પરના નિર્ણયની ભારતે નોંધ લીધી છે. વાણિજ્ય મંત્રાલયે નિવેદન જારી કરીને કહ્યું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે પણ પ્રેસ કોન્ફરન્સમાં આ અંગે વાત કરી છે. અમેરિકી વહીવટી તંત્ર તરફથી કેટલાક પગલાં જાહેર કરવામાં આવ્યા છે. અમે આ તમામ ઘટનાક્રમોની અસરનો અભ્યાસ કરી રહ્યા છીએ.

આ પહેલાં સોમવારે વાણિજ્ય સચિવે કહ્યું હતું કે, અમારો પ્રયાસ માર્ચ ૨૦૨૬માં ભારત-અમેરિકા ટ્રેડ ડીલને અંતિમ સ્વરૂપ આપવાનો છે. આ એક પ્રયાસ છે, પરંતુ હું તેના માટે કોઈ સમયમર્યાદા નહીં રાખું. દર્પણ જૈન આગામી અઠવાડિયે અમેરિકા જશે અને ત્યાં કાનૂની સમજૂતીને અંતિમ સ્વરૂપ આપવા માટે કામ કરશે.

# પાકિસ્તાને અફઘાનિસ્તાન પર કરી એરસ્ટ્રાઈક

**રમઝાન મહિનામાં થયેલા તાજેતરના હુમલાને પણ એક હેતુ તરીકે દર્શાવવામાં આવ્યા**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૨**

રમઝાન દરમિયાન પાકિસ્તાને અફઘાનિસ્તાન પર હુમલો કર્યો. F-16 વિમાનોએ મદરેસા સહિત સાત સ્થળોએ મિસાઈલો છોડી. પાકિસ્તાને ફરી એકવાર અફઘાનિસ્તાનમાં લશ્કરી કાર્યવાહી શરૂ કરી છે. પાકિસ્તાની સેનાએ અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં હવાઈ હુમલા કર્યા.

પાકિસ્તાનના પ્રમુખ સમાચારપત્રના અહેવાલ મુજબ, પાકિસ્તાનના માહિતી મંત્રાલયે સોશિયલ મીડિયા પર એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે સરહદ પારના સાત આતંકવાદી કેમ્પ અને ઠેકાણાઓને નિશાન બનાવાયા. ઈસ્લામાબાદ મુજબ આ ઠેકાણા પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) અને ઈસ્લામિક સ્ટેટ-ખોરાસન સાથે જોડાયેલા લોકોના હતા. પાકિસ્તાની સરકાર TTPને "ફિટના અલ-ખ્વારીજ" તરીકે ઓળખે છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ઈસ્લામાબાદ, બાજૌર અને બન્નુમાં ઈમામ બરગાહ પર થયેલા બોમ્બ વિસ્ફોટો સહિત તાજેતરના આત્મઘાતી હુમલાઓ બાદ બદલો લેવાની કાર્યવાહી કરાઈ. રમઝાન મહિનામાં થયેલા તાજેતરના હુમલાને પણ એક હેતુ તરીકે દર્શાવવામાં આવ્યો. પાકિસ્તાને દાવો કર્યો કે તેની પાસે નક્કર પુરાવા છે કે આ હુમલાઓ અફઘાનિસ્તાનમાં સ્થિત નેતૃત્વ અને સંચાલકોના ઈશારે કરવામાં આવ્યા હતા.

નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે અફઘાનિસ્તાનમાં સ્થિત TTP અને ISKP એ જવાબદારી સ્વીકારી છે. ગુપ્ત માહિતીના આધારે પસંદ કરેલા લક્ષ્યો સામે કાર્યવાહી કરવામાં આવી.




## ૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ફિલ્મ રિલીઝ થયેલી

# ૭૫ દિવસમાં ઐતિહાસિક કમાણી પછી 'ધુરંધર'ની રેકોર્ડબ્રેકિંગ થિએટર રન અટકી




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૨**

૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ રિલીઝ થયેલી રણવીર સિંહ અભિનિત 'ધુરંધર'ને બોક્સ ઑફિસ પર જોરદાર સફળતા મળી. ગયા વર્ષની સૌથી વધુ ચર્ચિત ફિલ્મોમાંની એક બનેલી આ આદિત્ય ધરની આ ફિલ્મના કારણે વધુ દર્શકો થિયેટરો સુધી પહોંચ્યા. ૧૭ ફેબ્રુઆરીએ ફિલ્મે થિયેટરોમાં ૭૫ દિવસ પૂર્ણ કરીને ઐતિહાસિક દોડ લગભગ પુરી કરી છે. અક્ષય ખન્ના, સંજય દત્ત, આર. માધવન, અર્જુન રામપાલ અને સારા અર્જુન જેવા કલાકારોની મોટી હિટ સાબિત થઈ છે.

ઓટીટી પ્લેટફોર્મ નેટફિલક્સ પર રિલીઝ થયા બાદ લગભગ બે મહિના પછી પણ ફિલ્મ થિયેટરોમાં દર્શકો આકર્ષતી રહી અને આ ફિલ્મે દેશમાં ૮૯૪.૪૯ કરોડ નેટ કલેક્શન સાથે દોડ પૂર્ણ કરી છે. ૩.૬ કરોડથી વધુ દર્શકો સાથે તે મહામારી પછીના સમયગાળામાં થિએટરમાં બીજી સૌથી વધુ જોવાયેલી ભારતીય ફિલ્મ બની. 'ધુરંધર' ૮૦૦ કરોડ ક્લબમાં પ્રવેશ કરનાર પહેલી બોલિવૂડ ફિલ્મ બની અને અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનાર હિન્દી ફિલ્મ તરીકે ઉભરી આવી. દેશમાં કમાણીના મામલે ધુરંધર 'બાહુબલી ૨:ધ કનક્લૂઝન' અને 'પુષ્પા ૨' પછી ત્રીજા ક્રમે રહી છે. ફિલ્મે વિશ્વભરમાં ૧,૩૫૪.૮૪ કરોડનું કલેક્શન કર્યું, જેમાંથી ૨૯૯.૩૫ કરોડ વિદેશી બજારોમાંથી આવ્યા. આ રીતે તે 'દંગલ' પછી વિશ્વસ્તરે બીજી સૌથી વધુ કમાણી કરનાર બોલિવૂડ ફિલ્મ બની. વિદેશોમાં આ ફિલ્મ આઠમી સૌથી વધુ કમાણી કરનાર બોલિવૂડ ફિલ્મ અને ઉત્તર અમેરિકામાં ૨૦.૬૫ મિલિયન ડોલર સાથે સૌથી વધુ કમાણી કરનાર બોલિવૂડ ફિલ્મ બની. લગભગ ૨૨૫ કરોડના બજેટમાં બનેલી ધુરંધરે ૬૬૯.૪૯ કરોડનો નફો કર્યો છે અને સુપર-ડુપર હિટનો દરજ્જો મેળવ્યો છે. ૨૦૨૬ની ચોથી સૌથી વધુ નફાકારક બોલિવૂડ ફિલ્મ તરીકે પણ ઉભરી છે. સાથે જ આ ફિલ્મ સાથે રણવીર સિંહની કારકિર્દીનો સૌથી મોટો ઓપનિંગ ડે ૨૮.૬૦ કરોડ નોંધાયો હતો.

હિન્દી સિનેમાના ઈતિહાસમાં સૌથી મોટો બીજો વીકએન્ડ ૧૪૬.૬૦ કરોડ, સૌથી મોટું બીજું અઠવાડિયું ૨૬૧.૫૦ કરોડ અને સૌથી વધુ કમાણી કરનાર બીજો રવિવાર ૫૮.૨૦ કરોડ પણ નોંધાયો છે. આ ઉપરાંત, આ ફિલ્મ રણવીર સિંહ, અક્ષય ખન્ના, આર. માધવન, અર્જુન રામપાલ અને સંજય દત્ત માટે તેમજ ડિરેક્ટર આદિત્ય ધર માટે ભારતમાં અને વિશ્વભરમાં સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ બની છે. હવે સૌની નજર તેની સિક્વલ 'ધુરંધર: ધ રિવેન્જ' પર છે, જે ૧૯ માર્ચ, ૨૦૨૬ના રોજ રિલીઝ થવાની છે. તે દિવસે યશ અભિનિત 'ટોક્સિક: અ ફેરિટેલ ફોર ગ્રોન-અપ્સ' સાથે મોટો બોક્સ ઑફિસ ક્લેશ જોવા મળશે.

# કૃતિકા કામરા અને ગૌરવ કપૂર ૧૧ માર્ચે સિવિલ મેરેજ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૨**

ટીવી અને ફિલ્મ એક્ટ્રેસ કૃતિકા કામરા અને ટેલિવિઝન પ્રેઝેન્ટર તથા ક્રિકેટ કોમેન્ટેટર ગૌરવ કપૂર પોતાના જીવનના નવા પ્રકરણની શરૂઆત કરવાની તૈયારી કરી રહ્યાં છે. બંને ૧૧ માર્ચે મુંબઈમાં ગૌરવના ઘરે એક પરિવાર અને નજીકના મિત્રોની હાજરીમાં ઈન્ટિમેટ સાઈનિંગ સેરેમની દ્વારા સિવિલ મેરેજ કરીને પોતાના સંબંધને સત્તાવાર બનાવશે. આ પ્રસંગે નજીકના પરિવારજનોની હાજરીમાં બંને પ્રતિજ્ઞા લેશે, ત્યારબાદ નજીકના પરિવાર અને ખાસ મિત્રો સાથે એક નાની ઉજવણી કરશે. ત્યાર બાદ બંને ૧૨ માર્ચે જ્યારે કૃતિકા અને ગૌરવ તેમની વ્યક્તિગત પસંદને દર્શાવતા અને ખાસ આયોજન સાથેના રીસેપ્શનનું આયોજન કરશે. જેમાં ભવ્યતા કરતાં સુંદરતા, સાદગી અને આજના સમયનો અંદાજ મહત્વનો હશે. પરંપરાગત ભવ્ય લગ્ન સમારંભથી અલગ, બંનેએ વધુ વ્યક્તિગત અને અર્થસભર અભિગમ અપનાવ્યો છે. સાંજના કાર્યક્રમમાં વૈભવી પણ અતિશયોક્તિ વગરનું નજીકના લોકો વચ્ચેનું આયોજન રહેશે, જેના અંતે એક ભવ્ય બોલીવૂડ-સ્ટાઈલ સેલિબ્રેશન થશે. આ ઉજવણીમાં તેમનાં પરિવારજનો, નજીકના મિત્રો તેમજ ક્રિકેટ અને ફિલ્મ જગતના સહકર્મીઓ હાજરી આપશે. તેમનાં નજીકનાં એક સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "કૃતિકા અને ગૌરવ ઈચ્છતા હતા કે તેમનો લગ્ન સમારંભ ભવ્યતાથી વધુ સચ્ચાઈ અને વ્યક્તિગત સ્પર્શ ધરાવતો હોય. તેઓ પરંપરાનું માન રાખે છે, પરંતુ સાથે જ ઈચ્છતાં હતાં કે ઉજવણી તેમની ઓળખ દર્શાવે એવી હોવી જોઈએ — ઉષ્માભરી, મૂલ્યો ધરાવતી, સૌમ્ય અને સાચા અર્થમાં નજીકના લોકો વચ્ચે યોજાયેલી."

## પ્રિયંકાએ બ્લફના પ્રમોશનમાં બોલિવૂડ છોડવા અંગે વાત કરી

# મારે ક્યારેય 'બોલિવૂડ' છોડવું નહોતું, હિન્દી ફિલ્મોની મર્યાદાથી બહાર 'ધકેલાઈ'

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૨**

પ્રિયંકા ચોપરા હવે ખુલીને કહી રહી છે કે તે ક્યારેય ભારતની ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડવા માગતી નહોતી, પરંતુ વધુ 'ઉત્સાહજનક' કામની શોધમાં તેને બહાર જવું પડ્યું. પ્રિયંકા ચોપરાએ બોલિવૂડથી હોલિવૂડ સુધીની સફર વિશે ઘણી વખત વાત કરી છે. હવે તેણે ખુલાસો કર્યો છે કે કેવી રીતે એ વખતે બોલિવૂડમાં મળતી મર્યાદીત તકોને કારણે તે સમયે જે 'ઉત્સાહજનક' લાગ્યું તે પસંદ કર્યું. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણા વર્ષો સુધી કામ કર્યા પછી પ્રિયંકા ચોપરા વિદેશ ગઈ અને હોલિવૂડ ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું.

હવે તેની ફિલ્મ બ્લફ આવી રહી છે, ત્યારે તેનાં પ્રમોશન સંદર્ભે આપેલા એક ઈન્ટરવ્યુમાં તેણે જણાવ્યું કે, તે ઈચ્છતી હતી કે બોલીવૂડમાં તેને મળતી મર્યાદિત તકોમાંથી બહાર આવીને વધુ સર્જનાત્મક વિકલ્પો મેળવે. તેણે કહ્યું, "મને લાગતું નથી કે હું ક્યારેય બોલિવૂડ છોડવા ઈચ્છતી હતી. હિન્દી ફિલ્મોમાં કામ કરતી વખતે ઘણા કારણોસર હું બંધાયેલી હોય એવું લાગતું હતું. મને કેટલીક બાબતોમાં ધકેલવામાં આવી રહી હતી. એક કલાકાર તરીકે મને જે ઉત્સાહજનક લાગતી એવી તકો હું શોધી રહી હતી અને અંતે હું અમેરિકામાં કામ કરવા પહોંચી ગઈ."

પ્રિયંકા માટે પરિવર્તન સરળ નહોતું. હાલમાં પ્રિયંકા ભારત અને લોસ એન્જેલેસ વચ્ચે બેલેન્સ જાળવી રહી છે. એક તરફ તે એસ.એસ. રાજમૌલીના પ્રોજેક્ટનું શૂટિંગ કરી રહી છે અને બીજી તરફ પોતાની હોલિવૂડ ફિલ્મ ધ બ્લફનું પ્રમોશન કરી રહી છે.

તેણે ઉમેર્યું, "હું ફરીથી ભારતમાં 'વારાણસી'માં કામ કરવા અંગે ખુબ ઉત્સાહિત છું. હું નથી ઈચ્છતી કે બંનેમાંથી કોઈ એક પસંદ કરવું પડે. હું બંને દુનિયામાં કામ કરું છું અને બંને ઈન્ડસ્ટ્રીમાં કામ કરવાની મજા માણું છું. સંસ્કૃતિઓની જેમ જ બંનેમાં કામ કરવાનો માહોલ પણ ઘણી રીતે અલગ છે."

પ્રિયંકાએ લગભગ એક દાયકા પહેલાં હોલિવૂડમાં જઈને 'ક્વોન્ટિકો' જેવી ફિલ્મ સાથે ત્યાં નવેસરથી કારકિર્દીની શરૂઆત કરી હતી. તે આજે પણ ભારત અને અમેરિકા બંને ઈન્ડસ્ટ્રીમાં કામ કરે છે.

નિક જોનાસ સાથે લગ્ન કર્યા પછી એમની માલતી મેરી પણ છે અને હાલમાં તે કેલિફોર્નિયામાં પરિવાર સાથે રહે છે.

## મૃણાલે 'સન ઓફ સરદાર ૨'ના પ્રીમિયરમાં ધનુષના આવવાનું કારણ જણાવ્યું

# મૃણાલે ડેટિંગની અફવા વચ્ચે ધનુષ સાથે સંબંધ વિશે સ્પષ્ટતા કરી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૨**

એક તરફ મૃણાલ ઠાકુર અને સિદ્ધાંત ચતુર્વેદીની ફિલ્મ 'દો દિવાને સહેર મેં' રિલીઝ થઈ રહી છે, બીજી તરફ મૃણાલ અને ધનુષના ડેટિંગ અને તેમનાં લગ્ન સુધીની ચર્ચાઓ સતત ચાલી રહી છે, ત્યારે હવે અંતે ફિલ્મના પ્રમોશન દરમિયાન મૃણાલ ઠાકુરે ધનુષ વિશે ખુલીને વાત કરી છે અને પોતે તેની મોટી ફેન હોવાની કબુલાત કરી છે. ગયા વર્ષે જ્યારે ધનુષ મૃણાલની ફિલ્મ 'સન ઓફ સરદાર ૨'ના પ્રીમિયરમાં આવ્યો હતો, ત્યારે બંને વચ્ચે ડેટિંગની અફવાઓ શરૂ થઈ હતી. એટલું જ નહીં, વેલેન્ટાઈન ડે પર બંનેના લગ્ન થવાના હોવાની અટકળો પણ ચાલી હતી. ત્યારે હવે એક ઈન્ટરવ્યુમાં મૃણાલે આ અફવાઓની શરૂઆત ક્યાંથી થઈ અને ધનુષ પ્રીમિયરમાં કેમ આવ્યો તે જણાવ્યું છે.

મૃણાલે કહ્યું કે, તે ધનુષના કામની લાંબા સમયથી પ્રશંસક છે. ધનુષની તેને ગમતી ફિલ્મોની યાદી આપતાં મૃણાલે કહ્યું, "ધનુષ સર. 'રાયન', 'મારી', 'રાંઝણા' અને 'કેપ્ટન મિલર' જોયાં પછી હું તેમની મોટી ફેન બની ગઈ. ઓ માય ગોડ, 'અસુરન' તો એવી ફિલ્મ છે કે હું તેને ઘણી વાર જોઈ શકું. તેઓ એક ઈન્સ્ટિટ્યુટ સમાન છે અને એક અભિનેતા માટે પોતે એવું પરફોર્મન્સ આપવું અને અન્ય કલાકારોમાંથી પણ એવું પરફોર્મન્સ બહાર લાવવું — એ મોટી વાત છે."

મૃણાલે ધનુષને ઉત્તમ ગીતકાર, ગાયક, નૃત્યકાર અને દિગ્દર્શક તરીકે પણ વખાણ્યો. તેણે આગળ ઉમેર્યું, "જ્યારે તેઓ 'તેરે ઈશ્ક મેં'નું શૂટિંગ કરી રહ્યાં હતાં, ત્યારે મેં ફક્ત એમને કહ્યું કે, 'સર, પ્લીઝ 'સન ઓફ સરદાર'નાં સ્ક્રીનિંગમાં આવશો?' મને ખબર નહોતી કે તેઓ ખરેખર આવશે. તેઓ આવી ગયા અને હું ખૂબ ખુશ થઈ ગઈ. મને લાગ્યું, આ તો બહુ જ સ્વીટ છે. હું એક દિવસ તેમની સાથે કામ કરવા ઈચ્છું છું." જ્યારે આ જ ઈન્ટરવ્યુમાં મૃણાલ અને સિદ્ધાંતને લગ્ન વિશે પૂછવામાં આવ્યું, ત્યારે મૃણાલે કહ્યું કે જો તેના હાથમાં હોય તો તે આવતા વર્ષે લગ્ન કરી લે. જોકે, તેણે ઉમેર્યું કે તે પહેલાં પોતાની કેટલીક ઈચ્છાઓનું બકેટ લિસ્ટ પૂરું કરવાની છે.

જુલાઈ ૨૦૨૫માં મૃણાલ પણ ધનુષની ફિલ્મ 'તેરે ઈશ્ક મેં'ની રૅપ-અપ પાર્ટીમાં આનંદ એલ રાય અને કૃતિ સેનન સાથે હાજર રહી હતી. ઓગસ્ટમાં ધનુષ 'સન ઓફ સરદાર ૨'ના પ્રીમિયરમાં આવ્યા પછી બંને વચ્ચે ડેટિંગની અફવાઓ શરૂ થઈ હતી.



# વાપીના આર્ટિસ્ટ સરગમ ગોધાણીને બેસ્ટ આર્ટ ટીચર એવોર્ડઃ જર્મનીમાં આર્ટ પ્રદર્શનના હિસ્સેદાર બન્યા




(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૨

આજે અમદાવાદમાં યોજાનાર ડિપ્લોમા ફાઈન આર્ટ કન્વોકેસન સેરીમનીમાં વાપીના આર્ટિસ્ટ સરગમ ગોધાણીનું આર્ટ ટીચર રત્ન એવોર્ડ આપી સન્માન કરાયું હતું અને સરગમ આર્ટ ડિપ્લોમાં ફાઈન આર્ટ એકેડમીના સ્ટુડન્ટ્સ કે જેમણે ડિપ્લોમા ફાઈન આર્ટના પાંચ વર્ષ પૂરા કરી ૯૦ટકા સ્કોર મેળવ્યા એ સ્ટુડન્ટ્સ ગોરલ કાછડીયા, શ્રેયા બેનિક અને મૈત્રી જોઈસરને સર્ટિફિકેટ આપી સન્માન કરાયું હતું અને ઓલ ઓવર ગુજરાતમાંથી આવેલા ડિપ્લોમાં ફાઈન આર્ટના સ્ટુડન્ટસમાંથી સરગમ આર્ટ એકેડમીના સ્ટુડન્ટ્સે પ્રથમ, દ્વિતીય અને તૃતીય પ્રાઈઝ મેળવ્યું હતું. જેમાં પ્રાચી ભાનુશાલીને ગોલ્ડ મેડલ, પ્રિયાંશી ડોશીને સિલ્વર મેડલ અને મહેક મારડીયાને બ્રોન્ઝ મેડલ મળ્યું હતું. આમ ઓલ ઓવર ગુજરાતમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય પ્રાઈઝ સરગમ આર્ટ એકેડમીના સ્ટુડન્સે મેળવી વાપીનું ગૌરવ વધાર્યુ હતું.

વાપીના જાણિતા આર્ટીસ્ટ સરગમ વિમલ ગોધાણીનું પેઈન્ટિંગ આજે જર્મનીમાં યોજાયેલા ઈન્ટરનેશનલ આર્ટ ફેસ્ટિવલમાં પ્રદર્શિત કરવામાં આવ્યું છે. સ્પંદન ગ્લોબલ આર્ટ દ્વારા જર્મનીના બર્લિન સીટીમાં તારીખ ૨૧મી ફેબ્રુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધી ઈન્ટરનેશનલ આર્ટ ફેસ્ટિવલ યોજવામાં આવ્યો છે. જેમાં વાપીના આર્ટિસ્ટ સરગમ વિમલ ગોધાણીનું પેઈન્ટિંગ પ્રદર્શનમાં મુકવામાં આવ્યું છે. આ પહેલા પણ સરગમ ગોધાણીનું પેઈન્ટિંગ સ્પંદન ગ્રુપ દ્વારા ઈટલી ઈન્ડો યુરોપિયન કન્ટ્રીમાં પ્રદર્શનમાં મુકાયું હતું.

# વાપીના સમાજસેવક કિરણ રાવલે ૧૦૮મી વાર રક્તદાન કર્યુંઃ દાઝેલી બાળકીને રક્ત આપી જીવનદાન આપ્યું



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૨

વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને વાપીના કિરણ રાવલ ઉપર રવિવારે હરિયા હોસ્પિટલમાંથી એક ફોન આવે હતો અને સમાજ સેવક શ્રી કિરણભાઈ રાવલને જણાવવામાં આવે છે કે, વાપી હરિયા હોસ્પિટલમાં મૂળ કર્ણાટકના રહેવાસી અહીંયા વાપી રામનગર છીરી વિસ્તારમાં રહેતા ૨ વર્ષ પ્રજ્ઞા રાદ્રવદિકર નામની નાની દીકરી ગરમ પાણીથી ખૂબ દાઝી ગઈ છે અને ખૂબ સિરિયસ હાલતમાં છે અને અર્જન્ટમાં બ્લડની જરૂર છે. આ સમાજ સેવક શ્રી કિરણભાઈ રાવલે ફોનમાં જણાવતા જ તરત સમાજ સેવક શ્રી કિરણભાઈ રાવલ હોસ્પિટલ પહોંચીને પોતાંની જિંદગીમાં કુલ ૧૦૮મી વખત રક્તદાન કરી નાની છોકરીનો જીવ બચવાના પ્રયત્નો કર્યા હતા. આજ રીતે શ્રી કિરણભાઈ રાવલે અત્યાર સુધી પોતાનું રક્ત આપીને સેંકડો લોકાના જીવ બચાવ્યા છે સમાજ સેવક શ્રી કિરણભાઈ રાવલ કોઈ સ્વાર્થ અમુકવાર વાપીથી દૂર આવેલા વલસાડ, પારડી જ નહીં પરંતુ વાપીથી ૬૦ કિલોમીટર દૂર આવેલા ધરમપુરની હોસ્પિટલોમા જઈને પણ રકતદાન કરી ચૂક્યા છે અને લોકોના જીવ બચાવ્યા છે. વાપીના સમાજ સેવક શ્રી કિરણભાઈ રાવલ સંચાલિત વાપીમાં એક ટ્રસ્ટ પણ છે. જે વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટના નામે વાપી જ નહીં સમગ્ર વલસાડના અલગ-અલગ વિસ્તારમાં તેમજ આહવા ડાંગ વિસ્તારમાં અવાર નવાર સમાજ સેવાના કાર્યો કરતા રહે છે.

સમાજ સેવક શ્રી કિરણભાઈ રાવલના ટ્રસ્ટ દ્વારા આજ દિન સુધી લગભગ પાંચેક વખત રકતદાન શિબિરનું પણ આયોજન કરી ચૂક્યા છે. આમ સમાજ સેવક શ્રી કિરણભાઈ રાવલ વાપી તેમજ આજુબાજુના વિસ્તારમાં વર્ષના ૩૬૫ દિવસ અવિરત સમાજ સેવાના કાર્યો કરતા રહે છે.

સમાજ સેવક શ્રી કિરણભાઈ રાવલની નિસ્વાર્થ સેવાઓ અને પોતાની ૪૩ વર્ષની ઉંમરમાં પોતે આજદિન સુધી ૧૦૮ વખત રક્તદાન કરી ચૂક્યા છે એને વાપીની જનતાએ પણ એક ગર્વ લેવા જેવી વાત માની શકાય.

# વાપીના ચણોદ કોલોની વેપારી એસોસિએશન દ્વારા આયોજિત મહા રક્તદાન કેમ્પમાં માનવતાનું ઘોડાપૂર ઉમટ્યું

















## ૧૦૧ યુનિટના લક્ષ્યાંક સામે ૧૬૩ યુનિટ રક્ત એકત્રિત કરી વેપારીઓએ સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૨

વાપીના ચણોદ કોલોની વિસ્તારમાં વેપારી એસોસિએશન દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે એક ભવ્ય મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રક્તદાતાઓના ભારે ઉત્સાહને પરિણામે અપેક્ષિત લક્ષ્યાંક કરતા ઘણું વધારે રક્ત એકત્રિત થયું હતું. ચણોદ કોલોની સ્થિત સેન્ટ મેરી સ્કૂલના પટાંગણમાં આયોજિત આ માનવતાવાદી કાર્યક્રમનો પ્રારંભ રવિવારે સવારે ૯.૩૦ કલાકે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દિપપ્રાગટ્ય અને 'ભારત માતા કી જય'ના ગગનભેદી નારાઓ સાથે કરવામાં આવ્યો હતો. આ રક્તદાન કેમ્પના મુખ્ય અતિથિ તરીકે વાપી વિભાગના ડીવાયએસપી બી.એન. દવે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે વેપારીઓના આ સેવાકાર્યને બિરદાવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં તમામ આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિશેષ સન્માનના ભાગરૂપે, દક્ષિણ ગુજરાતના લોકપ્રિય અખબાર 'વર્તમાન પ્રવાહ'ના બ્યુરો ચીફ સંજય તાડાનું સ્વાગત મહેશ્વરી સુપર સ્ટોરના લલિત મહેશ્વરી તેમજ વિશાલ મોબાઈલના હિરેન વોરા દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વેપારી એસોસિએશનના સચિવ શક્તિસિંહ રાઠોડ (વિનાયક જનરલ સ્ટોર) અને તેમની સમગ્ર ટીમ દ્વારા અન્ય મહાનુભાવો જેવા કે આરાધના લાયન્સ ક્લબના શ્રીમતી ક્રિષ્નાબેન પરમાર, સામાજિક અગ્રણી વિમલભાઈ ચૌહાણ અને સેન્ટ મેરી સ્કૂલના ફાધરનું હાર્દિક સ્વાગત કરાયું હતું. આ તકે વિશેષ નોંધપાત્ર ક્ષણ ત્યારે આવી જ્યારે વાપી નોટિફાઈડના મહામંત્રી વિમલ ચૌહાણ અને વર્તમાન પ્રવાહના બ્યુરો ચીફ સંજય તાડા દ્વારા વેપારી એસોસિએશનના અગ્રણી હિરેન વોરાનું શાલ ઓઢાડીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

કેમ્પની સફળતા વિશે વિગતો આપતા એસોસિએશનના હિરેન વોરાએ જણાવ્યું હતું કે, આ વર્ષે અમારો નિર્ધારિત લક્ષ્યાંક ૧૦૧ યુનિટ રક્ત એકત્રિત કરવાનો હતો, પરંતુ સ્થાનિક વેપારીઓ, રક્તદાતાઓ અને યુવાનોના અભૂતપૂર્વ સહયોગના કારણે અમે કુલ ૧૬૩ યુનિટ રક્ત એકત્રિત કરવામાં સફળ રહ્યા છીએ, જે એસોસિએશન માટે ગૌરવની બાબત છે. તેમણે આ ભગીરથ કાર્ય માટે જગ્યા અને સુવિધાઓ પૂરી પાડવા બદલ સેન્ટ મેરી સ્કૂલના ફાધરનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. વધુમાં, તેમણે 'વર્તમાન પ્રવાહ' ન્યૂઝ પેપરની ભૂમિકાની પ્રશંસા કરતા કહ્યું હતું કે, છેવાડાના માનવીના પ્રશ્નોને હકારાત્મક રીતે વાચા આપવા માટે જાણીતું આ અખબાર હંમેશા આવા સામાજિક પ્રકલ્પોમાં સહભાગી બને છે. રક્તદાન કેમ્પમાં ચણોદ કોલોનીના તમામ મંડળો, વિવિધ મંદિરોની સમિતિઓ અને સામાજિક સંસ્થાઓનો પણ પૂરેપૂરો ટેકો સાંપડ્યો હતો. રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે એસોસિએશન અને દાતાઓના સહયોગથી ૧૦ જેટલી આકર્ષક લકી ગિફ્ટ રાખવામાં આવી હતી, સાથે જ તમામ માટે ચા-નાસ્તો અને બપોરે પૌષ્ટિક ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં લાયન્સ બ્લડ બેંકના ડોક્ટરો અને મેડિકલ સ્ટાફે સવારથી સાંજ સુધી ખડેપગે સેવા આપી હતી. આયોજનને સફળ બનાવવા માટે વેપારી એસોસિએશનના પ્રમુખ હિરેનભાઈ વોરા, ઉપપ્રમુખ લલિતભાઈ મહેશ્વરી, સચિવ શક્તિસિંહ રાઠોડ, સંગઠન મંત્રી અનુજસિંહજી તેમજ કોર ટીમના સભ્યો વિજયભાઈ, દીપકભાઈ, નિલેશભાઈ પરમાર, ડુંગરસિંહ દહિયા, હરીશભાઈ, સંજયભાઈ, નરેન્દ્રભાઈ સેઠિયા અને મહેન્દ્રભાઈ સહિતના તમામ સ્થાનિક વેપારીઓએ રાત-દિવસ મહેનત કરી હતી, જેના ફળસ્વરૂપે વાપીના ચણોદ વિસ્તારમાં એક યાદગાર રક્તદાન કેમ્પ સંપન્ન થયો હતો.

# શ્રી ઘનશ્યામ વિદ્યામંદિર સલવાવમાં આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ભવ્ય ઉજવણી કરાઈ





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૨

શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર સલવાવ સંચાલિત શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરમાં આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની અત્યંત ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી હતી. દર વર્ષે તારીખ ૨૧ ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ મનાવવામાં આવે છે, ત્યારે પોતાની માતૃભાષા ગુજરાતી પ્રત્યેના પ્રેમ અને આદરને વ્યક્ત કરતો આ એક યાદગાર કાર્યક્રમ આયોજિત કર્યો હતો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. આ પ્રસંગે અમેરિકા (યુ.એસ.એ.)થી વિશેષ રૂપે પધારેલા મહેમાનો શ્રી કૌશિકભાઈ શાહ, લોરી તેમજ ડેબરા મેનન, શાળાના ટ્રસ્ટી શ્રી બાબુભાઈ સોઢવડિયા તથા આચાર્ય શ્રી ચંદ્રવદન પટેલના શુભ હસ્તે દીપ પ્રગટાવી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. દીપ પ્રાગટ્ય બાદ વિદ્યાની દેવી માં સરસ્વતીની પ્રાર્થના કરવામાં આવી હતી. જેણે સમગ્ર વાતાવરણને ભક્તિમય અને પ્રેરણાદાયી બનાવ્યું હતું.

ત્યારબાદ શાળાના આચાર્ય શ્રી ચંદ્રવદન પટેલ દ્વારા આંતરરાષ્ટ્રીય માતુભાષા દિવસ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે માતૃભાષાના મહત્વ અને તેને જીવંત રાખવાની આવશ્યકતા અંગે પ્રેરણાદાયી વિચારો રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, માતૃભાષા એ માત્ર બોલીનું સાધન નથી, પરંતુ આપણી સંસ્કૃતિ, આપણી ઓળખ અને આપણા અસ્તિત્વનો પ્રાણ છે.

આ ઉપરાંત યુ.એસ.એ.થી પધારેલા વિશેષ મહેમાનો શ્રી કૌશિકભાઈ શાહ, લોરી અને ડેબરા મેનન દ્વારા પણ માતૃભાષા અંગે પોતાના હૃદયના વિચારોને વ્યક્ત કરવામાં આવ્યા હતા. વિદેશમાં વસવાટ કરતા હોવા છતાં ગુજરાતી ભાષા અને સંસ્કૃતિ પ્રત્યેની તેમની ઊંડી આત્મિયતા અને લગાવ સૌ કોઈ માટે પ્રેરણારૂપ રહ્યા હતા. તેમના વક્તવ્યે હાજર વિદ્યાર્થીઓ અને શિક્ષકો પર ઊંડી અસર કરી હતી.

ત્યારબાદ શાળાના શિક્ષિકા શ્રીમતી તન્વી પટેલ દ્વારા માતૃભાષા અંગે અત્યંત ભાવવાહી અને વિચારપ્રેરક વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. તેમણે ગુજરાતી ભાષાના ગૌરવ અને સૌંદર્ય વિશે ખૂબ સુંદર શબ્દોમાં વિદ્યાર્થીઓને સમજ આપી હતી. ત્યારબાદ શાળાના શ્રીમતી દીપા પટેલ દ્વારા માતૃભાષા ઉપર ખૂબ જ સુંદર અને હૃદયસ્પર્શી કાવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. જેણે ઉપસ્થિત સૌના હૃદયમાં ભાષાપ્રેમની ભાવનાને વધુ ઉત્કૃષ્ટ બનાવી હતી.

સંપૂર્ણ કાર્યક્રમનું સુંદર અને પ્રવાહી સંચાલન દિપલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે શાળાના શિક્ષિકા શ્રીમતી ગીતાબેન ચૌધરી દ્વારા આભારવિધિ અદા કરવામાં આવી હતી, જેમાં તેમણે કાર્યક્રમને સફળ બનાવવામાં ફાળો આપનાર સૌ મહેમાનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે શાળાના તમામ શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ બાળકોમાં માતૃભાષા પ્રત્યે ગૌરવ અને પ્રેમ જગાડવામાં અત્યંત સફળ રહ્યો હતો.

# વાપી કોપરલી સાર્વજનિક હાઈસ્કૂલમાં આર.કે.દેસાઈ કોલેજ દ્વારા માતૃભાષા મહોત્સવની ઉજવણી કરાઈ






(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૨

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને શ્રી સાર્વજનિક હાઈસ્કૂલ, કોપરલીના સંયુક્ત ઉપક્રમે આર.કે.દેસાઈ કોલેજ ઑફ એજ્યુકેશન, વાપીના તાલીમાર્થીઓ દ્વારા તા.૧૯ ફેબ્રુઆરીના દિવસે 'માતૃભાષા સપ્તાહ' અંતર્ગત શ્રી સાર્વજનિક હાઈસ્કુલ, કોપરલીમાં 'માતૃભાષા મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે શાળાના આચાર્ય શ્રી ધર્મેશકુમાર પટેલે હાજરી આપી હતી, જેમણે 'મળી માતૃભાષા, મને ગુજરાતી' વિષય સંદર્ભે પ્રાસંગિક ઉદ્બોધન રજૂ કર્યુ હતું. કાર્યક્રમના મુખ્ય વક્તાઓ તરીકે આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશનના પ્રધ્યાપકો ડો. રાહુલ ટંડેલ અને ડો. અક્ષય ટંડેલે કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. પ્રા.ડૉ. રાહુલભાઈ ટંડેલે 'શિક્ષણનું માધ્યમ ગુજરાતી ભાષામાં' અને પ્રા.અક્ષયભાઈ ટંડેલે 'માતૃભાષાની ગરિમા' વિષય પર મનનીય પ્રવચનો આપ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રા.સાહિલકુમાર દ્વારા કરવામાં આવ્યું હતું. બી.એડ.કોલેજના અને એમ.એડ.ના તાલીમાર્થીઓ દ્વારા સુંદર કૃતિઓ જેવી કે સ્વાગત નૃત્ય, ગરબો, નાટક, ક્વીઝ વગેરે રજૂ થયા હતા. તાલીમાર્થીઓ દ્વારા વિદ્યાર્થીઓ માટે સુલેખન અને નિબંધ સ્પધાનું પણ આયોજન થયું હતું.જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ તમામ સ્પર્ધાઓના વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો અને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમના સંયોજક પ્રા.ડો..ગુંજન વશીએ સુંદર કાર્યક્રમના આયોજન બદલ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, આર.કે દેસાઈ બી.એડ.કોલેજ પરિવાર અને કોપરલી શાળા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમના અંતે અલ્પાહાર અને 'મારા હસ્તાક્ષર, મારી માતૃભાષામાં' પ્રવૃત્તિ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. આર.કે.દેસાઈ કોલેજના ચેરમેન શ્રી મિલનભાઈ દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ અને પ્રિ.ડો.પ્રીતિબેન ચૌહાણે સફળ કાર્યક્રમ માટે અભિનંદન પાઠવ્યા હતા.

# વારોલી પ્રાથમિક શાળાનો વાર્ષિક રમતોત્સવ ઉજવાયો

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૨

નાનાપોંઢા તાલુકાના વારોલી પ્રાથમિક શાળાનો વાર્ષિક રમતોત્સવ કાજલી માવલી માતા પ્લે ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો. જેમાં કાજલી ગામના સરપંચ કલ્પેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. તેમણે આ પ્રકારના આયોજન થકી વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત પ્રતિભાઓને બહાર લાવવાનું એક પ્લેટફોર્મ મળે છે તેમ જણાવ્યું હતું.

આચાર્ય હિતેશ પટેલના માર્ગદર્શનમાં યોજાયેલા રમતોત્સવમાં ૫૦ મીટર, ૧૦૦ મીટર દોડ, કબડ્ડી, ગોળા ફેંક, સંગીત ખુરસી, બોલ થ્રો, રસ્સા ખેંચ, સ્ટેટીજ જંપ સહિતની





રમતોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓને શિલ્ડ એનાયત કરાયા હતા.

**CHANGE OF NAME**

**OLD NAME:**
JANGID ABHISHEK SHRI NIWAS
**NEW NAME:**
**ABHISHEK SHRI NIWAS JANGID**
**ADDRESS:** 212B,AMAR COMPLEX, AIRPORT ROAD, NANI DAMAN KHATHIYA, DAMAN, DAMAN, DAMAN, DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU- 396210

**CHANGE OF NAME**

**OLD NAME:**
ASHISH KUMAR OMPRAKASH
**NEW NAME:**
**ASHISH SHARMA**
**ADDRESS:** FLAT NO. 403, 4TH FLOOR, AMAR COMPLEX B-1, AIRPORT ROAD, MASHAL CHOWK, NANI DAMAN, DAMAN, DAMAN, DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU- 396210

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM HITENKUMAR RAMESHCHANDRA PANCHAL TO **HITENDRAKUMAR RAMESHCHANDRA PANCHAL** AS PER DOCUMENT

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વાપી ખાતે નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે રૂ.૧૯.૭૧ કરોડના ખર્ચે નવનિર્મિત રેલવે અંડરપાસનું લોકાર્પણ કરાયું





## આપણે આપણા વિસ્તારના વિકાસ માટે રાહ જોવાની જરૂર નથી, માત્ર યોગ્ય પ્લાનિંગ કરવાની જરૂર છે: મંત્રી કનુભાઈ દેસાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૨**

વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં બલીઠા પાસે નાણાં, શહેરી વિકાસ અને શહેરી આવાસ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકસભા દંડક અને સાંસદ ધવલભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં રૂ.૧૯.૭૧ કરોડના ખર્ચે નવનિર્મિત રેલવે અંડરપાસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે વાપી મહાનગરપાલિકાના રૂ.૩૨.૨૩ કરોડના વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને રૂ.૨૫.૩૯ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

લોકાર્પણ પ્રસંગે મંત્રીએ કહ્યું હતું કે, આ અંડરપાસ બનવાથી શહેરીજનોની ઘણા સમયની રાહનો અંત આવ્યો છે. શહેરીજનોની ટ્રાફિક સમસ્યાઓ પણ હલ થશે. વાપી મહાનગર પાલિકાએ જે રીતે કામનું એક્ઝીક્યુશન કરીને મોટાભાગના કામો પૂર્ણ કર્યા છે. પીવાના પાણી માટે ડુંગરા ખાતે વ્યવસ્થા કરી હતી તે પ્રોજેક્ટ પણ એપ્રિલ સુધીમાં પૂર્ણ થઈ જશે તેથી પાણીની પણ કોઈ સમસ્યા પણ હંમેશા માટે ઉકેલાઈ જશે. મહાનગરપાલિકામાં ઉમેરાયેલા ગામોમાં ત્રણ વર્ષ સુધી કોઈ જ ટેક્સ વધારો કરવામાં આવ્યો નથી. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાને ગુજરાતમાં શહેરોના વિકાસ માટે મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની શરૂઆત કરાવી હતી જેના કારણે અનેક શહેરોનો અદભૂત વિકાસ થયો છે અને હવે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે વર્ષ ૨૦૨૫માં આ યોજનાના ૨૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે શહેરી વિકાસ વર્ષ જાહેર કરીને રૂ.૩૦ હજાર કરોડ સમગ્ર ગુજરાતના શહેરોના વિકાસ માટે વાપર્યા છે. હાલમાં આ વિકાસકાર્યો મુખ્યમંત્રી સ્વયં શહેરી વિકાસ યોજનામાંથી કરવામાં આવે છે. આ વર્ષે પણ એનું બજેટ રૂ.૩૪૦૦૦ કરોડ કરવામાં આવ્યું છે. તેથી આપણે આપણા વિસ્તારના વિકાસ માટે રાહ જોવાની જરૂર નથી. માત્ર યોગ્ય પ્લાનિંગ કરવાની જરૂર છે.

સાંસદ ધવલભાઈ પટેલે અંડરપાસની સુવિધાના અભિનંદન પાઠવતા પ્રાસંગિક ઉદબોધન કરી સરકારની વિકાસગાથા વર્ણવી હતી. વાપી મહાનગરપાલિકા કમિશનર યોગેશ ચૌધરીએ પ્રાસંગિક પ્રવચન કરી સૌને આવકાર્યા હતા.

કાર્યક્રમમાં વાપી મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર આસ્થા સોલંકી, વાપી તાલુકા સંગઠન પ્રમુખ મનીશ પટેલ, તાલુકા શહેર પ્રમુખ સમય પટેલ, વીઆઈએ પ્રમુખ સતીષ પટેલ અને માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર જતિન પટેલ સહિત અનેક મહાનુભાવો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# વાપી ગુંજન હાઈવે પુલ અંડર પાસના નવિનિકરણ બાદ લોકાર્પણ કરાયો: મનપાને બે નવી ફાયર ગાડીઓ મળી





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૨**

વાપીમાં શનિવારે સતત ત્રણ વિકાસ કાર્યોના લોકાર્પણ કાર્યક્રમ યોજાવા બલીઠા રેલવે અંડર પાસ, વૈશાલી ગુંજન હાઈવે, અંડરપાસ તથા મહાનગરપાલિકા માટે અદ્યતન બે નવી ફાયર ગાડીઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ગુંજન વૈશાલી પાસે પસાર થતા નેશનલ હાઈવે પુલ નીચે પેવર બ્લોકથી નવિનીકરણ કરાયેલ અંડરપાસનું નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ કરાયો હતો. હાઈવે પુલ નીચે હાલ અન્ય ત્રણ બીજા નવા અંડરાસની કામગીરી ચાલુ છે. નવજીવન હોસ્પિટલ સામે,ચાર રસ્તા પેટ્રોલપંપ સામે અંડરપાસની કામગીરી ચાલુ છે. તદ્ઉપરાંત વાપી મહાનગરપાલિકાના ફાયર વિભાગની પણ કાર્યક્ષમતામાં વધારો થયો છે. નવી નવી આધુનિક ટેકનોલોજી સજ્જ ફાયર ગાડીઓનું પણ નાણામંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

વાપીમાં એક પછી એક ઝડપી વિકાસ કાર્યો ચાલી રહ્યા છે. છેલ્લે છેલ્લે રેલ્વે ફલાય ઓવરની કામગીરીમાં પણ ગતિ આવી ચૂકીછે. લોકોની મીટ છે કે આ ફલાય ઓવર ઝડપથી પુરો થાય તો વાપીની અનેક સમસ્યાથી છુટકારો રાહત થાય એમ છે.

# ધરમપુરમાં વિરાટ હિન્દુ સંમેલન યોજાયું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ધરમપુર તા.૨૨**

ધરમપુરમાં વિરાટ હિન્દુ સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સાધુ, સંતો, સામાજિક આગેવાનો અને લોકો ઉપસ્થિત રહ્યા હતા. સંમેલનની શરૂઆત આદિવાસી સંસ્કૃતિનું માદળ નૃત્ય દ્વારા થઈ હતી. ત્યાર બાદ નૃત્ય, ગીત, સાંસ્કૃતિક વૉક વગેરે સાંસ્કૃતિક કૃતિઓ દ્વારા હિન્દુ સંસ્કૃતિ અને પરંપરાની વિવિધતા પ્રસ્તુત કરવામાં આવી હતી.

મુખ્ય અતિથિ તરીકે સદ્ગુરુધામ બરૂમાળના પરમ પૂજ્ય મહામંડલેશ્વર શ્રી વિધાનંદ સ્વરસ્વતી મહારાજ ઉપસ્થિત રહ્યા હતા.સદ્ગુરુધામ બરૂમાળના પૂજ્ય ચંદ્રશેખરાનંદ સરસ્વતી મહારાજ, સાધ્વી કૃપાનંદ મહારાજ, ઈસ્કોન સંસ્થાના શ્રીમાન રવિ લોચન પ્રભુ તથા અન્ય સંતો ઉપસ્થિત રહ્યા હતા.

સંમેલનના મુખ્ય વક્તા ડો.અખિલેશ પાંડે દ્વારા સમાજમાં પંચ પરિવર્તન દ્વારા સમાજનિર્માણથી રાષ્ટ્ર નિર્માણની વાત કરવામાં આવી. તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં હિન્દુ સમાજની સમસ્યાનો ઉકેલ હિન્દુ સંસ્કૃતિમાં જ છે. સામાજિક સમરસતા, પર્યાવરણ, પરિવાર પ્રબોધન, સ્વબોધ અને નાગરિક કર્તવ્યના વિષયોમાં સમાજે એક થઈને ધ્યાન આપી પરિવર્તન કરવું જોઈએ.

સંમેલનના સંયોજક શ્રી સુભાષભાઈ બાવરીયાએ કાર્યક્રમની પ્રસ્તાવના રજૂ કરી હતી. ત્યાર બાદ વિવિધ કૃતિઓ, મુખ્ય અતિથિ પૂજ્ય વિદ્યાનંદ મહારાજ અને અન્ય સંતોના તથા મુખ્ય વક્તાના ઉદ્બોધન સાથે સાથે સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત થઈ હતી. સંમેલનના અંતે આભારવિધિ કરી કાર્યક્રમ સંપન્ન થયો.

# વલસાડ ખાતે નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે નવનિર્મિત અતુલ વિંગ રેલવે ઓવરબ્રીજનું લોકાર્પણ કરાયું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૨**

વલસાડ ખાતે નાણાં, શહેરી વિકાસ અને શહેરી આવાસ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકસભા દંડક અને સાંસદ ધવલભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં નવનિર્મિત વલસાડ રેલવે ઓવરબ્રીજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વલસાડ રેલવે ઓવરબ્રીજ (એલસી-૯૮) ટીયર - ૨, ફેઝ - ૧, અતુલ વિંગ ઓવરબ્રીજને વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાતા વાહનચાલકોને પરિવહનમાં સરળતા મળશે તેમજ ટ્રાફિક સમસ્યા ઉકેલાશે.

મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, જ્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી બની ગુજરાતનું સુકાન સંભાળ્યું હતું ત્યારથી ગુજરાતનો અવિરત વિકાસ થઈ રહ્યો છે. તેમણે દેશનું સુકાન સંભાળી સમગ્ર દેશના વિકાસની ગાથા આગળ વધારી રહ્યા છે. વલસાડની સુવિધાઓ વધારવા માટે જે પણ દરખાસ્તો આવશે તેને ધ્યાનમાં લેવાની ખાતરી આપું છું. મંત્રીએ રેલવે ઓવરબ્રીજના લોકાર્પણની શહેરેજનોને શુભેચ્છા પાઠવી હતી અને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા બદલ ખુશી પણ વ્યક્ત કરી હતી.

સાંસદ ધવલભાઈ પટેલે લોકાર્પણ પ્રસંગે કહ્યું હતું કે, ભારત, ગુજરાત અને વલસાડના વિકાસ માટે સરકાર નિરંતર પ્રયત્નો કરે છે. ભારતનો વિશ્વભરમાં ડંકો વાગે તેવા કાર્યો કરી રહ્યા છીએ. તેથી જ દિલ્હીમાં પણ ગ્લોબલ એઆઈ સમિટનું આયોજન ભારત સરકારે કર્યું હતું. આ ઓવરબ્રીજથી લોકોની સુખાકારીમાં વધારો થશે. લોકોની વર્ષો જૂની માંગ સંતોષાશે તેમજ ટ્રાફિક સામસ્યાનો પણ અંત આવશે.

વલસાડ ધારાસભ્ય ભરતભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું તેમજ કાર્યપાલક ઈજનેર જતિનભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરી લોકાર્પણ કાર્યની રૂપરેખા આપી હતી.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલ, ઉમરગામ ધારાસભ્ય રમણલાલ પાટકર, કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, તાલુકા પંચાયત પ્રમુખ મીનાબેન ઠકોર, નગરપાલિકા પ્રમુખ માલતીબેન ટંડેલ, કલેક્ટર ભવ્ય વર્મા, પ્રાંત અધિકારી વિમલ પટેલ, સહિત અનેક મહાનુભાવો અને મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ રેલવે સ્ટેશને ટ્રેનના કોચમાં આંધ્રપ્રદેશથી ઘર છોડી આવેલા બે બાળકો મળ્યા : પોલીસે પરિવાર સાથે મિલાપ કરાવ્યો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૨**

વલસાડ રેલવે સ્ટેશને સૌરાષ્ટ્ર એક્સપ્રેસના છેલ્લા સામાન્ય કોચમાંથી બે બાળકો રેલવે પોલીસને મળી આવ્યા હતા. આંધ્રપ્રદેશથી ટ્યુશન ના જવું પડે તેથી ૧.૬૦ લાખ ઉપરાંતની રોકડ રકમ ઘરેથી ચોરી કરીને ટ્રેનમાં નિકળી ગયા હતા. વાપી, મુંબઈ થઈ સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં બેસી વલસાડ આવતા જ રેલવે પોલીસે બન્ને બાળકોને કોચમાંથી ઉતારીને આંધ્રપ્રદેશના પરિવાર સાથે મિલાપ કરાવ્યો હતો.

વલસાડ રેલવે પોલીસ એ.એસ.આઈ. સાવીબેન મોહનને પાકી માહિતી મળી હતી કે સૌરાષ્ટ્ર એક્સપ્રેસના છેલ્લા કોચમાં બે બાળકો શંકાસ્પદ હાલતમાં છે. તેથી વલસાડ સ્ટેશને એક ૧૩ અને બીજો ૧૨ વર્ષના બાળકો મળી આવ્યા હતા. તેઓ બિમાર જણાતા સિવિલ વલસાડમાં સારવાર કરાવાઈ હતી. પૂછપરછમાં બાળકો ઘર અને સરનામાની વિગતો જણાવી હતી. આંધ્રપ્રદેશ વિજયવાડા ભવાનીપુરા પોલીસ વિસ્તારના બાળકો હતા. તેથી ભવાનીપુરા પોલીસનો સંપર્ક કરી તેમના પરિવારોને જાણ કરાઈ હતી. બાળકોએ મુંબઈમાં કિંમતી સામાન પણ ખરીદ્યો હતો. ત્યારબાદ તેમની પાસેથી પરિવાર વલસાડ આવી પહોંચતા રેલવે પોલીસ રોકડા તથા મુદ્દામાલ પરિવારને સોંપી બાળકો સાથે મિલાપ કરાવ્યો હતો. ત્યારે હૃદયદ્રાવક દશ્યો સર્જાયા હતા.

# પોલીસ ભરતીના અંતિમ દોડ રાઉન્ડમાં વલસાડના યુવાનને છાતીમાં દુઃખાવો ઉપડતા કરૂણ નિધન થયું

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૨૨:** ગુજરાત પોલીસ ભરતીની શારીરિક કસોટી દરમિયાન વલસાડના એક આશાસ્પદ ઉમેદવારનું કરૂણ મોત નીપજ્યું છે. વલસાડના મોગરાવાડીની દેવદર્શન સોસાયટીમાં રહેતા ૨૭ વર્ષીય રવિન્દ્ર પ્રવિણભાઈ બારીયા વાવ એસઆરપી ગ્રાઉન્ડ ખાતે દોડની કસોટી આપી રહ્યા હતા. દોડના અંતિમ રાઉન્ડમાં અચાનક છાતીમાં દુઃખાવો અને ચક્કર આવતા તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પ્રાથમિક સારવાર બાદ તેમને રજા અપાઈ હતી, પરંતુ કામરેજની એક હોટલ પર પરત ફર્યા બાદ ફરીથી તીવ્ર દુઃખાવો ઉપડતા તેમને સિટી લાઈફ કેર હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. રવિન્દ્રના અકાળે અવસાનથી તેમના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. રવિન્દ્રના પિતા પ્રવિણભાઈ બારીયાએ આ મામલે કામરેજ પોલીસ સ્ટેશનમાં પુત્રના મોત અંગેની જાણ કરી છે. પોલીસ બનવાનું સપનું આંખોમાં લઈને ગયેલા યુવાનના આવા કરૂણ અંતથી મોગરાવાડી પંથકમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે.

# સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ એસોસિએશન વલસાડની એન્યુઅલ જનરલ મીટીંગ મળી: સો ટકા પરિણામ લાવનાર શાળા અને શિક્ષકોનું બહુમાન કરવામાં આવ્યું

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૨**







સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ એસોસિએશન વલસાડની એન્યુઅલ જનરલ મિટિંગ વાપી ચલા સ્થિત મેરિલ ઓડિટોરિયમ ખાતે શનિવારે મળી હતી.

આ એન્યુઅલ જનરલ મિટિંગ સાથે વિતેલા શૈક્ષણિક વર્ષમાં વલસાડ જિલ્લાની જે શાળાએ ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષામાં ૧૦૦% પરિણામ મેળવ્યું હતું તથા જે વિષય શિક્ષકોનું પોતાના વિષયમાં ૧૦૦% પરિણામ આવ્યું હતું તેવા ૩૫૦ જેટલા શિક્ષકોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ એસોસિએશન વલસાડના ફાઉન્ડર પૂજ્ય કપિલ સ્વામીજીએ વર્તમાન ટીમની કામગીરીને બિરદાવી હતી. તેમણે રાષ્ટ્રવાદ, આદર્શવાદને શિક્ષણમાં સમાવી દેશને સારા નાગરિકો આપવા હાંકલ કરી હતી.

પ્રમુખ અલ્પાબેન કોટડીયાએ વલસાડ જિલ્લા સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ એસોસિયેશન દ્વારા વાપી ખાતે એડ્યુવોક કાર્યક્રમને મળેલી સફળતા પાછળ સંસ્થાના મહામંત્રી ડો. મિતલબેન ધાખડાના આયોજનની સરાહના કરી તેમનું બહુમાન કર્યું હતું.

મહામંત્રી ડો. મિતલબેન ધાખડાએ વિતેલા વર્ષમાં જે કોઈ ઈવેન્ટ કરી તેમાં એસોસિએશનના પ્રમુખથી લઈ તમામ કારોબારી સભ્યોની મહેનત અંગે સુમાહિતગાર કર્યા હતા.

ખજાનચી મુકેશભાઈ પટેલે વાર્ષિક ઓડિટ રિપોર્ટ વાંચી સંભળાવતા તેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

વલસાડ જિલ્લા શિક્ષણ અધિકારી રાજશ્રીબેન ટંડેલએ પોતાના પ્રેરક પ્રવચનમાં શિક્ષણમાં નવો આયામ રચનાર શિક્ષકોને અભિનંદન આપી નવા આયોમો અને પડકારથી વાકેફ કરી વલસાડ જિલ્લાનું શિક્ષણ ક્ષત્રે ઉજ્જવળ નામ બનાવવા સૌના સહયોગની અપેક્ષા રાખી વલસાડ જિલ્લા સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ એસોસિએશનની કામગીરીને બિરદાવી હતી.

માઁ ફાઉન્ડેશન સી.ઈ.ઓ. અમિત મહેતાએ પોતાના વક્તવ્યમાં શિક્ષણમાં ટકાની સાથે સ્કીલ ડેવલપમેન્ટ ઉપર ભાર આપ્યો હતો તેમણે સ્પર્ધાની સાથે સહકારની ભાવના પણ સંચાર થાય તેવી આશા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન, એસોસિએશનના હોદ્દેદારો તથા કારોબારી સમિતિ સભ્યોના હસ્તે વિતેલા વર્ષમાં ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષામાં ૧૦૦% પરિણામ મેળવવા બદલ આચાર્યશ્રી તથા વિષય શિક્ષકોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લાની વિવિધ શાળાના સંચાલકો, આચર્યો તથા શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતાં.